# દત્તબાવની - વરદ વાર્તિક



સંપાદક

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : કુંજલતાબેન કાન્તિલાલ મહાદેવીઆ
સાન્તાક્રુઝ (પશ્ચિમ)
મુંબઈ- ૪૦૦૦૫૪.
(૦૨૨-૩૨૫૦૯૬૧૦)

આવૃત્તિ : ત્રીજી (સુધારા-વધારા સાથેની)
ભાદરવા સુદ ચોથ, ૨૦૬૩.
શનિવાર, તા. ૧૫-૦૯-૨૦૦૭.
ગણેશચતુર્થી.

## શ્રીપાદવલ્લભ જયંતી

પ્રત : ૧૦૦૦

**દસ રૂપિયા**

# આશીર્વચન

સંકટ વિમોચન સ્તોત્ર સમી આ દત્તબાવની શ્રી રંગપરિવારની એટમબોમ્બ સમાન છે. વળી આ દત્તબાવની વિશે ટૂંકી પણ શ્રદ્ધા અને ભક્તિ વધારે એવી સમજ પણ આપવામાં આવી છે. જે ભક્તોને બાવનીના હાર્દને સમજવા ઉપકારક નિવડશે.

પરમ રંગભક્ત શ્રી કાન્તિભાઇ મહાદેવીઆની સ્મૃતિમાં આ પુસ્તિકા પ્રકાશિત કરીને એમના ધર્મપત્ની કુંજલતાબેને પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.

“દત્તબાવની: વરદવાર્તિક”ની આ ત્રીજી (સુધારા-વધારા સાથેની) આવૃત્તિ થાય છે એ જ ગુરુમહારાજના આશીર્વાદનું દ્યોતક છે. આવાં સત્કર્મોને ગુરુમહારાજના આશીર્વાદ હોય જ અને છે જ. તેમાં જ સર્વનું શ્રેય છે.

અમેરિકા — ૐ

તા.૧૨-૦૯-૨૦૦૭ — પ્રેમ

# પ્રેમાંજલિ

મુંબઈના કાંદિવલીના રૂકમાઈ મંડળના સ્થાપક સભ્ય અને પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના અતિ કૃપાપાત્ર ભક્ત શ્રી કાન્તિલાલ મહાદેવીઆ- મહાદેવીઆકાકા એ રંગ પરિવાર મુંબઈનું અણમોલ નજરાણું હતું; પરિવારની શોભા-કલગી હતાં.

રંગભક્તિમાં ગળાડૂબ ડૂબેલાં મુ. મહાદેવીઆકાકા યેન કેન પ્રકારેણ દરેક કાર્યક્રમમાં હાજર રહેજ. વર્ષમાં એક-બે વાર પાદૂકાપૂજન અને મહાપ્રસાદ કરે જ. શ્રાવણ મહિનો એમના નામે ચાલે. આખો મહિનો કાંદિવલી મંદિરે બીલીપત્રનો અભિષેક થાય અને અમાસને દિવસે પાદુકાપૂજન અને મહાપ્રસાદ થાય. કેટલાય વર્ષોથી આ નિયમ જળવાયો છે.

પ.પૂ.રંગ બાપજીમાં શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા અજોડ. કુટુંબના બધા સગા-વહાલાઓને દત્તબાવની ભેટ આપે અને રોજ એનો પાઠ કરવા પ્રેરે. એમની એ ભાવનાને ધ્યાનમાં રાખીને જ એમના ધર્મપત્ની કુંજલતાબેનને દત્તબાવની- વરદવાર્તિકનો વિચાર આવ્યો. એમના ભાભી મૃદુલાબેન ગાંધીએ આ વિચારને પુષ્ટિ આપી એટલે આ પુસ્તિકા ભક્તો માટે પ્રાપ્ય બની છે.

એમની સાચી ભાવના અને અઠંગ નિષ્ઠા જોઈને અવધૂતજી પણ એમના પર મન મૂકીને વરસ્યા. પૂ.શ્રી મુંબઈ પધાર્યા ત્યારે ભરચક કાર્યક્રમ હોવા છતાં અને પધરામણીની શક્યતા નહિવત્ હતી તો પણ પૂ.શ્રી એમના ઘરે પધાર્યા. ભક્તની માગણી પાંચ-દશ મિનિટની હતી પરંતુ ભગવાન બે કલાક રોકાયા- સંડાસ ગયા અને સ્નાન પણ કર્યું. પોતાનું આ લૌકિક સ્નાન ભક્તને આનંદ-પ્રેમનું સ્નાન પણ કરાવી ગયું. એ સ્નાનની ભિનાશ મરતા સુધી રહી.

સને ૧૯૬૭માં આફ્રિકા જતી વખતે મુ.મહાદેવીઆકાકા પૂ.શ્રીના દર્શને ગયા. પોતાને માનસિક ભય સતાવતો હતો. હતાશા વ્યાપેલી હતી. પૂ.બાપજીને કહ્યું: “બાપજી! હવે મને બહુ બીક લાગે છે. રસ્તો ક્રોસ કરતાં, ઊઠતાં- બેસતા- કોઈ પ્રસંગે જતાં- બસમાં કે ટ્રેનમાં બીક લાગે છે.”

પૂ.બાપજીએ કહ્યું : “તમારે હવે યાદ રાખવાનું કે હું તમારી બાજુમાં જ ચાલી રહ્યો છું. બસ ! પડતાં-આખડતાં હું તમને પકડી લઈશ, સંભાળી લઈશ.”

પૂ.શ્રીની આ હૈયાધારણ કારગત નિવડી અને એના જોરે બીજા ૩૬ વર્ષ હિંમતથી જીવ્યા. પૂ.શ્રીએ એમને મરણપર્યંત સાચવ્યા.

પ.પૂ.બાપજીના બ્રહ્મલીન થયા પછી થોડા સમય બાદ એમને પૂ. પ્રેમ અવધૂતજી મળ્યા. બાપજી ગયા પણ બાપુજી મળ્યા. બાપુજીથી ઉંમરમાં મોટા પણ એમના તરફનો ભાવ અલૌકિક. જાણે પ.પૂ. બાપજીએ જ એમની જવાબદારી પૂ. બાપુજીને સોંપી અને પૂ. પ્રેમ અવધૂતજીએ એ જવાબદારી પ્રેમથી નિભાવી.

મુ. મહાદેવીઆકાકાના ઓપરેશન વખતે અને મુ. કુંજલતાબેન પર લકવાના જોરદાર હુમલા વખતે પ.પૂ. રંગ અવધૂતજીની કૃપા પ.પૂ. પ્રેમ અવધૂતજી દ્વારા થઇ અને બધાએ મહાદેવીઆકાકાની નિષ્ઠાની ફળશ્રુતિને જોઇ અને માણી.

રંગ-પ્રેમી, પ્રેમ-પ્રેમી અને રંગભક્તોના પ્રેમી એવા મુ. મહાદેવીઆકાકાને સહુ પર હેત રહેતુ. આમ છતાં બે-ત્રણ વ્યક્તિનો ઉલ્લેખ કરવો હોય તો તેમાં પ્રા. કુલીન ઉપાધ્યાય, શ્રી સુરેશ વિશ્વનાથ દેસાઇ અને પૂ. નંદસુખલાલ શ્રોફનો કરવો પડે. ઘણી બહેનોને દીકરી ગણી પિતાનો પ્રેમ પણ આપ્યો.

જીવન લાંબુ જીવ્યા અને સુંદર જીવ્યા. આજે પણ પરિવારજનો એમને ભૂલ્યા નથી અને પ્રેમથી યાદ કરે છે. “ન સ ખલુ ઉપરતિ યસ્ય વલ્લભો જનઃ સ્મરતિ ।”

“જેને એના પ્રિયજનો યાદ કરે છે એને કોણ મરેલો કહેશે?” એ કથનાનુસાર મુ. મહાદેવીઆકાકા હજી પણ બધા ભક્તોના હૃદયમાં જીવે જ છે.

એમને આ પ્રેમાંજલિ આપવાની તક મળી એને હું મારું સદ્ભાગ્ય સમજું છું.

મુંબઈ - **અનિલ શ્રોફ**

૯-૯-૦૭

# સંપાદકની સંવેદના

મુંબઈના કાંદિવલી રુકમાઇ મંડળના બે મોભીમાં એક મહામના શ્રી નંદસુખલાલ શ્રોફ- શ્રોફકાકા અને બીજા મુ. શ્રી કાન્તિલાલ મહાદેવીઆ- મહાદેવીઆકાકા. આ બંને મહાનુભાવો સાથેનો મારો પ્રેમનો સંબંધ હતો. દરિયાવ દિલ આ બે ખાનદાન શ્રીમંતાઈવાળા રંગભક્તોએ મને અઢળક પ્રેમ આપ્યો અને ઋણી બનાવ્યો.

મુ. મહાદેવીઆકાકા ઉપર પ.પૂ. રંગ અવધૂતજીની અનહદ કૃપા રહી છે. એમના શ્રીમુખે એ વાતો સાંભળી છે. પરંતુ પ્રેમ અવધૂતજીની પ્રેમ-કૃપાનો તો હું અનેક વાર સાક્ષી બની ચૂક્યો છું એ મારું સદ્‌ભાગ્ય છે.

મુ. કુંજુબેન પરના લકવાના હુમલા વખતે હું એમના ઘરે જ હતો. એમની વ્યથા અને વેદના, વ્યગ્રતા અને ઉગ્રતા મેં જોઇ હતી પરંતુ એમનો બંને અવધૂતજી પરનો પ્રેમ, પ્રેમમાંથી જન્મતી હઠ અને એ હઠને રજૂ કરવામાં બાલસહજ નિર્દોષતા એવા હતાં કે ભગવાને પણ સાંભળવું જ પડે અને બધું સંભાળવું જ પડે.

જુવાન ડોસલાનું બિરુદ ગાંધીજી માટે વપરાતું. રંગ પરિવારમાં મહાદેવીઆકાકા માટે પણ એ વપરાતું.

જૈફ વયે પણ કાર્યક્રમમાં અચૂક હાજર રહે અને એમની હાજરીમાત્રથી વાતાવરણને મઘમઘાવી દે.

મુ. મહાદેવીઆકાકા લૌકિક રીતે ગયા પરંતુ હજી બધાના મનમંદિરમાં વસી રહ્યા છે. એમની સ્મૃતિમાં થતાં આ પ્રકાશનનું સંપાદન કાર્ય કરવામાં હું નિમિત્ત બન્યો તેનો મને આનંદ છે.

મુંબઇમાં જઇએ એટલે એમને એકલું મળીએ તે ન ચાલે. એક દિવસ પણ રહેવું પડે. આવા હેતાળ અને દરિયાવ દિલ રંગભકતને અનેકાનેક વંદન કરીને વિરમું છું. પ્રભુ દિવંગત આત્માને શાંતિ આપો.

અમદાવાદ - **કુલીન ઉપાધ્યાય**

૧૦-૯-૦૭

◈

# દત્ત-બાવની

જય યોગીશ્વર દત્ત દયાળ! તુંજ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.

આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર, ચાલ્યા પ્રાણ!
સૂણી [૧]અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના [૨]આલંબ!! ૧૦.

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા; [૩]દિતિસુત ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ[૪] કીધી વર્ણવે કો તે સર્વ?૧૪.

દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત!! ૧૮.

---

૧. સહસ્રાર્જુન ૨. આશરો ૩. દૈત્ય ૪. શિવ સ્વરૂપ.

**પ્રેમ ત્યાં પરમેશ્વર.**

જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.[1]
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!! ૨૨.

શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર[2] વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતના કૃત્સ્ન[3].
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ.

ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર,
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!! ૩૦.

નિમેષમાત્રે તંતુક એક, પ્હોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ.૩૪.

રામકૃષ્ણરૂપે તેં એમ; કીધી લીલાઓ કંઇ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ[4] !!

---

૧. ઝટ. ૨. અતિવૃદ્ધ. ૩. બધાં. ૪. સાધુવૃત્તિવાળાં,સારાં. ૫. શિવ.

અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શા શાં કામ?
આધિવ્યાધિઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી [૫]શર્વ ! ૩૮.

મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ દત્ત-બાવની આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુ:ખ દારિદ્રય તેનાં જાય!! ૪૪.

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-**રંગ**!
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮.

વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવ-તૃપ્તિનો [૧]ઉદ્‌ગાર, સૂણી હસે તે ખાશે માર.
તપસી[૨] તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ!! પર.

**-રંગ અવધૂત**

◈

---

૧. (i) ઓડકાર. (ii) વેણ. ૨. અમૃતલાલ મોદી- મોદીકાકા.

**વિશ્વાસ પ્રેમની પહેલી સીડી છે.**

# દત્તબાવનીની બાવની

"જય યોગીશ્વર દત્તદયાળ" દત્તબાવની દિવ્ય અપાર.
કમળાશંકર કરી નિમિત્ત, સ્તોત્ર કવચ દીધું નિશ્ચિત.
સ્વયં દત્તનો જે અવતાર, રંગ ગુરુ એનો રચનાર.
સઈજ-શેરથા કેરું ગામ, અવધૂતે કીધો મુકામ.
સ્મશાન પાસે મંદિરમાંહ્ય, સિદ્ધનાથ મહાદેવ જ ત્યાંય.
ઓગણીસો એકાણુની સાલ[1], મહા સુદ એકમ સોમવાર.
પિશાચ પીડા કેરો ત્રાસ, ધનલક્ષ્મી ભોગવતી ખાસ.
ગુરુચરણમાં મૂકી શીશ, ભક્ત કહે આપો આશિષ.
પત્ની તણી પીડા ઝટ જાય, ગુરુજી એવો કરો ઉપાય.
ભક્ત દુઃખ જોઈ ગુરુરાય, દ્રવ્યા વિચારે ત્યાં મનમાંહ્ય. ૧૦.
સંકટમોચન સ્તોત્ર થકી, જશે ભક્તનું દુઃખ નકી.
સ્મરણમહીં આવ્યું 'હનુમાન ચાલીસા'નું સ્તોત્ર જ જાણ.
દત્ત ચાલીસા રચવા કાજ, કરે વિચાર શ્રીગુરુ મહારાજ.
શ્રીપાદવલ્લભ કુરુપુર યતિ, યોગી નૃસિંહ સરસ્વતી.
દિવ્યલીલા વર્ણવતો ગ્રંથ, સ્મરણ કરે અવધૂત શ્રીરંગ.
ગુરુચરિત્ર તણો એ સાર, સ્તોત્ર બાવની એ નિર્ધાર. ૧૬.
દેવકૃપાનું ફળ એ માન, આપે પરચો શ્રીભગવાન.
પંક્તિ ગણતાં બાવન થાય, દરેક પંક્તિ દિવ્ય જણાય.

---

૧. સંવત.

**પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા.**

બાવનની કરવા ચાલીસ, પંક્તિ રદ કરવા કોશિશ-
કરે યત્ન જ્યાં શ્રીગુરુરાય, દેવતણો દૃષ્ટાંત જ થાય.
સ્તોત્ર જેમનું તેમજ રાખ, સ્તોત્ર થકી દુઃખ થાશે ખાખ.
ગુરુચરિત્ર તણા અધ્યાય, બાવનની સંખ્યા જ જણાય.
એક વરસના બાવન જાણ, અઠવાડિયાનું એ જ પ્રમાણ.
વર્ષ તણા બાવન ગુરુવાર, દત્તબાવની આ ભવતાર. ૨૪.
અનુષ્ઠાન કેરું જે ફળ, બન્યું બાવની કેરું બળ.
રંગ દિવ્યશક્તિ ભરપૂર, દત્તબાવની કેરું નૂર.
'અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર' રંગ તણી કૃપાનો સાર.
શુચિર્ભૂત થઈ, ધૂપ કરી, શ્રદ્ધા ભક્તિ ઉરમાં ધરી.
યથાવકાશે નિત્ય નિયમ, કરે પાઠ દંડે ના યમ.
આદિઅંત સંકીર્તન પાઠ, વિશેષ ફળદાયી એ વાત.
બાવન ગુરુવારે જે જન, કરે પાઠ પ્રેમે બાવન.
આધિવ્યાધિઉપાધિ જાય, દાસી સિદ્ધિ તેની થાય.
ઘોર કષ્ટ તણો એ નાશ, કરે પલકમાં ધર વિશ્વાસ.
બધું ભુલાશે આ જગમાંહ્ય, દત્તબાવની નહીં ભુલાય.
રહેશે તારા સૂરજ સોમ, જાણ બાવની એટમ બોમ્બ.
અવધૂતની આગાહી જાણ, દત્તબાવની સુખની ખાણ.
કંઈક જનોનાં કીધાં કાજ, આજે પણ પરચા સાક્ષાત્. ૩૬.
ધનલક્ષ્મીની પીડા જાય, કમળાશંકર સુખી થાય.
દત્તબાવની હાથ ધરી, બાળે રેવા પાર કરી.

**સેવા એટલે આચરણમાં મૂકેલો પ્રેમ.**

બબીબેનની ટાળી પીડ, ભૂત ભગાડ્યું, ન્યારી રીત.
ચાર વરસનો જૂનો તાવ, કાઢ્યો દેખી પ્રમોદ ભાવ.
'મરા મરા'થી મુનિ થયો, બાવની શબ્દે ત્રાસ જ ગયો.
મત્ત ઇંદ્રને દીધી ઊંઘ, **રંગ** પાદપદ્મે એ ભૃંગ.
જયદેવને કીધી સહાય, સાધલી ગામે શિક્ષક થાય. ૪૪.
પરચા એવા અપરંપાર, કહેતા ના'વે એનો પાર.
પ્રથમ બાવની આ જ રચાઇ, અન્ય બાવની પછી લખાઇ.
**રંગે** આપી આ તલવાર, જન્મમરણનો ફેરો ટાળ.
હરતાં, ફરતાં, કરતાં કામ, રાતદિવસ જે ગાયે આમ.
સઘળાં સંકટ દૂર જ થાય, પાપી પણ પાવન થઇ જાય.
અંતઘડીએ આવે યાદ, સદ્‌ગુરુ **રંગા** સૂણે સાદ.
ભાવભક્તિ શ્રદ્ધા ને **પ્રેમ અવધૂત** એને ભૂલે કેમ?
રંગચરણમાં થઈને લીન ગાય બાવની **ગણુ-કુલીન**. ૫૨.

પ્રા. કુલીન ઉપાધ્યાય.
અમદાવાદ.

◈

**પ્રેમ મનની મુક્તિ છે.**

# દત્તબાવની- વરદ વાર્તિક

**૧. જય યોગીશ્વર દત્ત દયાળ! તું જ એક જગમાં પ્રતિપાળ.**

[અર્થ: હે યોગીશ્વર દયાળુ દત્તપ્રભુ! તારો જય હો! આ જગતમાં તું જ એક માત્ર રક્ષણ કરનારો છે.]

બ્રહ્મમૂલક શબ્દથી શરૂ થતું સ્તોત્ર અનંત ફળ આપનારું નીવડે છે એવો શાસ્ત્રનો નિયમ છે. **'જય' શબ્દ બ્રહ્મમૂલક છે**. કારણ કે જય હંમેશાં સત્યનો જ હોય છે. સત્યમેવ જયતે । અને સત્-સત્ય એ જ બ્રહ્મ છે.

હનુમાન ચાલીસાની શરૂઆત પણ 'જય' શબ્દથી જ થાય છે.

'જય હનુમાન જ્ઞાનગુણ સાગર' એમ શરૂઆત છે.

'જય' શબ્દ નમસ્કારવાચક પણ છે. 'જય શ્રીકૃષ્ણ' અને 'જય જય'માં નમસ્કારનો જ ભાવ છે.

'જય' શબ્દ આશીર્વાદાત્મક પણ છે. 'જય હો! જય હો!' એમાં સામી વ્યક્તિને વિજય મળે એવા આશીર્વાદ છે- શુભેચ્છા છે.

દત્તબાવનીની શરૂઆત 'જય' શબ્દથી છે અને છેલ્લે બે વાર 'જય જય' શબ્દ મૂકી કુલ ત્રણ વાર જય શબ્દનો ઉપયોગ કર્યો છે.

**પ્રેમ આપો તો પ્રેમ મળશે.**

તપસી! તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રી ગુરુદેવ.

ત્રિવારં સત્યના નિયમાનુસાર એકની એક વાત ત્રણ વાર કહેવાથી એ સત્ય થાય છે અને સ્તોત્ર લક્ષ્ય સિદ્ધ કરનારું નીવડે એવો પૂ.શ્રીનો સંકેત છે.

પૂ.શ્રી વિરચિત ગણપતિની આરતીની શરૂઆતમાં જ ત્રણ વાર 'જય' શબ્દનો પ્રયોગ થયો છે.

જય જય જય હેરંબ!

એ જ રીતે દત્તાત્રેયની આરતીની શરૂઆત પણ આવી જ છે.

જય જય જય ગુરુદેવ.

વંદનામાં છેક છેલ્લે પૂ.શ્રી ત્રણ વાર 'જય' શબ્દનો ઉપયોગ કરે છે.

જય દત્ત હે! જય દત્ત હે! જય દત્ત હે! તુજને નમું.

દત્તબાવનીની શરૂઆત 'સંબોધન'થી છે. ભગવાનને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. સંબોધન કરવાથી જે તે વ્યક્તિનું આપણા તરફ ધ્યાન દોરાય છે અને આપણી વાત ધ્યાનથી સાંભળે છે.

જય યોગીશ્વર દત્ત દયાળ! એવું સંબોધન કર્યું એટલે પછી પૂ.શ્રીએ કહ્યું કે તું જ એક જગમાં પ્રતિપાળ. તું શબ્દનો પ્રયોગ સામ સામે થતી વાતચીત સૂચવે છે. આવું જ સંબોધન વંદનામાં પણ છે.

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી! વંદના **તુજને** હજો.
વિક્ષેપ દૂર થઇ બધા, અમ ચિત્ત સ્થિર **તુજમાં** થજો.

આ તું કે તુજનો પ્રયોગ "ભગવાન તમે સાંભળો" એવો આશય પણ પ્રગટ કરે છે.

દત્તબાવનીની એક વિશિષ્ટતા એ છે કે એ 'અ'કારાંત છે. એની દરેક લીટીનો છેલ્લો અક્ષર 'અ'કારાંત છે. છેલ્લા અક્ષરને માત્રા, કાનો, હ્રસ્વ કે દીર્ઘ 'ઈ' કે હ્રસ્વ કે દીર્ઘ 'ઉ' નથી. ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વિભૂતિયોગ નામના અધ્યાયમાં જણાવે છે કે બધા અક્ષરોમાં અકાર હું છું.

"અક્ષરાણામ્ **અ**કારોડસ્મિ દ્વન્દ્વ સામાસિકસ્ય ચ ।
અહમેવા ક્ષય: કાલો ધાતા હં વિશ્વતોમુખ: ॥"
(અ: ૧૦, શ્લોક: ૩૩)

ઘણા વિદ્વાનો માને છે કે ગીતાની સાચી શરૂઆત બીજા અધ્યાયના   શ્લોકથી ગણે છે. એ શ્લોકથી ભગવાન ઉપદેશ આપવાનું શરૂ કરે છે અને એ શ્લોકની શરૂઆત પણ 'અ'થી જ થાય છે.

શ્લોક છે:

**અ**શોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતા: ॥

**પ્રેમની સાચી ભાષા પુષ્પ છે.**

આમ દત્તબાવની એક સંકટવિમોચન સ્તોત્ર તરીકે અસરકારક કાર્ય કરતું સ્તોત્ર છે એ નિશ્ચિત વાત છે. અને એ 'એટમબોંબ' તરીકેનું કામ કરે છે.

આમ પહેલો શબ્દ **'જય'** ખૂબ અર્થસૂચક છે.

## બીજો શબ્દ યોગીશ્વર છે. (યોગેશ્વર નથી).

દત્તપ્રભુ પોતે યોગી છે અને યોગીઓના ઈશ્વર પણ છે. ભગવાન શંકરને પણ યોગીશ્વર કહેવામાં આવે છે જ્યારે ભગવાન કૃષ્ણ યોગેશ્વર છે. યોગેશ્વર એટલે યોગના ઈશ્વર. ગીતાનો છેલ્લો શ્લોક છે:

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥

## ત્રીજો શબ્દ છે દત્ત.

દત્ત શબ્દમાં બંને અક્ષર દંત્ય છે. (ત,થ,દ,ધ અને ન દંત્યાક્ષર કહેવાય) અને બંને અક્ષર અકારાંત છે.

દત્ત શબ્દમાં 'દ' અક્ષર દયા, દાન અને દમન સૂચવે છે જ્યારે 'ત' કાર વિષયાધ્યાસ સૂચવે છે. આ વિષયાધ્યાસને ભેદવાનો છે.

દયા, દાન અરુ દમન હૈ દદ્દા કા યહ ભેદ,
તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ.

(પૂ.શ્રી રચિત દત્તાષ્ટકમાંથી)

**જે પ્રેમ કરે છે તેને જ શિક્ષા કરવાનો અધિકાર છે.**

તંત્રશાસ્ત્રમાં 'ત' એ વિષયાધ્યાસ સૂચવે છે. ચિત્ત શબ્દમાં ચિત્ (ચૈતન્ય)માં ત (વિષયાધ્યાસ) ભળેલો છે એવું સૂચવે છે. એ ચિત્તમાંથી ત દૂર કરીએ, વિષયાધ્યાસ દૂર કરીએ તો ચિત્ (ચૈતન્ય) રહી જાય.

દત્ત શબ્દનો પૂ.શ્રીએ અતિ વિશાળ અર્થ કર્યો છે. મહારાષ્ટ્રના વિદ્વાન સંત શ્રીરામચંદ્ર કામતજીને લખેલા પત્રમાં દત્ત શબ્દના છ અર્થ આપ્યા છે.

દત્તનું એટલે જેણે આપણને સર્વ કાંઈ આપ્યું છે એવા પરમેશ્વરનું અથવા તદવતારનું- શિવ, ગણેશ, જગદમ્બા, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ વગેરેમાંથી કોઈ પણ એક સ્વરૂપનું નામ એવો અર્થ પૂ.શ્રીની સર્વધર્મ સમભાવ દૃષ્ટિ સૂચવે છે.

## ચોથો શબ્દ છે દયાળ

ભગવાન પરમ દયાળુ છે, કરુણાના સાગર છે. પૂ.શ્રીએ ઘણી જગ્યાએ દત્તપ્રભુના વર્ણનમાં 'દયાળ' શબ્દને જોડે મૂક્યો છે. પૂ.શ્રી વંદનાની શરૂઆત કરતાં લખે છે:

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી, વંદના તુજને હજો.

દત્ત પ્રાગટ્યનું વર્ણન કરતું ભજન આ પ્રમાણે છે:

આવો આવો દયાળ સ્વામી દત્ત કૃપાળ,
હેતે લઈએ ઓવારણા.

**જીવન એક પુષ્પ છે, પ્રેમ એની સૌરભ છે.**

જેનામાં અપરંપાર કરુણા છે, એને બીજાના દોષ દેખાતા જ નથી. “અપિ ચેત્સુદુરાચારો” પ્રમાણે ગમે તેવો સુદુરાચારી હોય તો પણ ભગવાન એનો ઉદ્ધાર કરે છે એવી ગીતાની ઉક્તિ યાદ રાખવા જેવી છે. મહર્ષિ પતંજલિ યોગદર્શનના સમાધિપાદના સૂત્ર નં. ૩૩માં જણાવે છે કે:

મૈત્રીકરુણામુદિતોપેક્ષાણાં સુખદુ:ખપુણ્યાપુણ્ય વિષયાણાં-ભાવનાતશ્ચિત્ત પ્રસાદનમ્ ।। મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષિતાની ભાવનાથી ચિત્ત સ્વચ્છ બને છે.

‘દયા ધરમ કા મૂલ હૈ, પાપમૂલ અભિમાન’ એ તુલસીદાસની ઉક્તિમાં પણ દયાવાન-કરુણાવાન બનીને પોતાનું કલ્યાણ સાધવાનું જ સૂચન છે.

**તુંજ એક જગમાં પ્રતિપાળ**ની અર્ધ પંક્તિ ઇષ્ટદેવ પ્રત્યેની એક નિષ્ઠાનું સૂચન છે. “મેરો દત્ત દિગંબર એક હિ તારનહાર”માં પણ તું જ અને બીજો કોઈ નહિ એવી અનન્ય નિષ્ઠાનું સૂચન છે. નિષ્ઠા એ ‘મા’ જેવી છે અને સંતાનના જન્મમાં ‘મા’ કેવી અનિવાર્ય છે તે તો સહુ સમજે છે. પૂ.શ્રી દત્તનામસ્મરણમાં દત્તની સૂક્ષ્મ સમજ આપતાં એકનિષ્ઠાનું મહત્ત્વ પણ પ્રગટ કરે છે.

**પ્રેમ સ્વર્ગનો રસ્તો છે.**

વળી, દેહ સહ્યાદ્રિ માહૂર હૃદ્ ત્યાં,
તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા ।
નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત
તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત ॥ (દ.ના. ૭૮)

ભગવાન જ સાચો પ્રતિપાળ છે, રક્ષણ કરનાર છે.

નિષ્ઠા એટલે નિતરામ સ્થિતિ. એકનિષ્ઠા થવી બહુ કઠિન છે. એકનિષ્ઠા જાગે એટલે અર્ધો આત્મ સાક્ષાત્કાર થયો ગણાય.

પૂ.શ્રી કહેતાં: "તમારા ગુજરાતમાં શ્રદ્ધા ઘણી છે પણ નિષ્ઠા ઓછી છે."

## ૨. અત્ર્યનસૂયા કરી નિમિત્ત પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.

[અર્થ: અત્રિ અને અનસૂયાને નિમિત્ત કરીને તું ખરેખર આ જગતને માટે પ્રગટ થયો છે.]

સત્ત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણ(ત્રિ) ગુણથી પર તે **અત્રિ**. અ(નહિ) ત્રિ(ત્રિગુણ) એટલે ત્રિગુણ રહિત.

'પારકાના ગુણમાં પણ દોષ શોધવાની વૃત્તિ' તે અસૂયા. આવી અદેખાઈની વૃત્તિ વિનાની સ્ત્રી તે **અનસૂયા**.

જગકારણ એટલે જગતનું જે કારણ છે તે પરબ્રહ્મ અત્રિ અને અનસૂયાને નિમિત્ત કરીને પ્રગટ થયો, તેનો પાદુર્ભાવ થયો. પૂ.શ્રી એ જન્મ્યો શબ્દ નથી વાપર્યો તે ખૂબ

સૂચક છે. દત્ત ભગવાન અત્રિ અને અનસૂયાને નિમિત્ત કરીને જગતને માટે પ્રગટ્યા એવો અર્થ પણ કરી શકાય. આમ જગકારણ એટલે 'જગતનું કારણરૂપ બ્રહ્મ' તથા જગતને માટે- જગતને કારણે એવા બે અર્થ થઇ શકે.

ભગવાન દત્ત એ જ્ઞાનનો અવતાર છે એટલે અજ્ઞાનને કારણે દુ:ખી થતાં લોકોને જ્ઞાન આપીને સુખી કરવા માટે પ્રગટ્યા એવો અર્થ પણ થઇ શકે.

નિશ્ચિત શબ્દ દ્વારા શંકા ન કરવાનું સૂચન છે. આ હકીકત છે, સત્ય છે.

## ૩. બ્રહ્માહરિહરનો અવતાર શરણાગતનો તારણહાર.

[અર્થ: તું બ્રહ્મા, વિષ્ણુ (હરિ) અને શંકર(હર)નો અવતાર છે અને શરણે આવેલાનો તારણહાર છે.]

દત્તાવતારની વિશિષ્ટતા એ છે કે તેમાં ૧૦૦% સો ટકા સત્ત્વ ગુણ છે. દત્ત ભગવાનમાં રજસ્ કે તમોગુણ બિલકુલ નથી. બ્રહ્મામાં સત્ત્વ (૨૫%) રજસ્ (૫૦%) અને તમસ્ (૨૫%) છે. વિષ્ણુમાં સત્ત્વ (૫૦%), રજસ્ (૨૫%) અને તમસ્ (૨૫%) છે. શંકરમાં સત્ત્વ (૨૫%), રજસ્ (૨૫%) અને તમસ્ (૫૦%) છે. જ્યારે દત્ત ભગવાનમાં કેવળ સત્ત્વ(૧૦૦%)ગુણ જ છે. આ સત્ત્વ ગુણના ૧૦૦%માં બ્રહ્માના (૨૫%), વિષ્ણુના (૫૦%)

**પ્રેમ એક રમત છે જેમાં બુદ્ધિની હાર છે.**

અને શંકરના (૨૫%) સત્ત્વગુણનો સમાવેશ છે. આમ દત્તપ્રભુમાં રજસ્ કે તમસ્ નથી.

પૂ.શ્રી વંદનામાં જણાવે છે કે:

અજ છતાં અવતાર ભકતો કારણે તેં આ ધર્યો,
**સત્ત્વાંશ વિધિહરિહરતણા** થઇ એકરૂપ જગે સ્ફુર્યો.

બીજી વાત શરણભાવની છે. જે ભગવાનનું અનન્ય ભાવે શરણું લે છે તેનો ભગવાન તારણહાર છે. જેમ માછલી પાણી વિના જીવી શકતી નથી તેમ વ્યક્તિ ભગવાન વિના જીવી શકતો જ ન હોય અને ભગવાન જે કરે તે સ્વીકાર્ય હોય તો જ એ શરણાગત કહેવાય અને એવા ભક્તને ભગવાન તારે છે. ભગવાન અને ગુરુ આપણે માગીએ તે નહિ આપે, આપણું જેમાં કલ્યાણ હોય તે આપે છે. આવો શરણભાવ જાગે તો અર્ધો સાક્ષાત્કાર થઇ ગયો એમ ગણાય.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે:

શરણાગતને વજ્રપંજર સમ જે નિર્ધાર,
સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.

શરણ લેનારની લાજ રાખવી એ સામી વ્યક્તિની ફરજ બને છે. કહેવાયું છે કે:

'જો જાકી શરણ લીયે તાકી રાખે લાજ,
ઉલટ જલે મછલી ચલે બહત જાત ગજરાજ.'

**પ્રેમની ખરી કિંમત ચૂકવવી ગજા બહારની વાત છે.**

જે જેનું અનન્ય ભાવે શરણું લે છે તે તેની લાજ રાખે છે, એને સંભાળે છે. નાની માછલી પાણીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં જઈ શકે છે જ્યારે હાથી એવું કરવા જાય તો તણાઈ જાય છે. પાણી પ્રત્યે માછલીનો જેવો શરણભાવ છે તેવો શરણભાવ હાથીનો નથી.

**૪. અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.**

[અર્થ: તું અંતરમાં સચ્ચિદાનંદરૂપે નિયમન કરનાર છે અને બહાર બે હાથ અને સુંદર મુખધારી સદ્ગુરુ છે.]

સત્ એટલે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે એવું ત્રિકાલાબાધિત સત્ય. આ સત્માંથી જ સૃષ્ટિનું સર્જન થયું છે. ૐ, તત્ અને સત્ એ બ્રહ્મનાં જ નામો છે એમ ગીતા કહે છે.

ૐ તત્સદિતિ નિર્દેશો બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ॥
(અ: ૧૭, શ્લોક: ૨૩)

આ સત્માંથી જ જગત જન્મ્યું છે.
સત્ ચિત્ અને આનંદ આપણા અંતરમાં રહેલા છે.

**પ્રેમ એ એક જાદુઈ ચિરાગ છે.**

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ અંતરમાં રહીને નિયમન કરે છે. યમ એટલે કાબૂમાં રાખવું. અંતર્યામી એટલે અંદર (અંતઃ) રહીને કાબૂ રાખનાર, નિયમન કરનાર (યામી).

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં જણાવે છે કેઃ

હૃદય નિયામક અંતરે બાહિર સદ્‌ગુરુરૂપ,
પુનઃપુનઃ પ્રણમું તુને, બાધે આ ભવકૂપ.

(અ. ૧ દો. ૫૨)

સદ્‌ગુરુ માનવરૂપે હોવાથી બે હાથ અને સુંદર મુખવાળા છે. સુંદરતા એ મનનો ખ્યાલ છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ એ ન્યાયે શિષ્યને તો પોતાના ગુરુમહારાજ કામદેવ-મદન-જેવા મનોહર જ લાગે. દત્તદશકમાં પૂ.શ્રી જણાવે છે કેઃ

રેવાતટવાસી નમું વાસુદેવ યતિરાય,
મદન મનોહર મૂર્તિ શી, લાગું પુનિ પુનિ પાય.

પરબ્રહ્મ પોતે જ સદ્‌ગુરુ રૂપે પ્રગટ થાય છે. સદ્‌ગુરુને એક મુખ હોવા છતાં તે બ્રહ્મા (બ્રહ્મા ચાર મુખવાળા છે) છે, બે હાથ હોવા છતાં વિષ્ણુ (વિષ્ણુને ચાર હાથ છે) છે અને બે આંખ હોવા છતાં શંકર (શંકર ત્રિનેત્રી છે) છે. આમ સદ્‌ગુરુ એ જ વિધિ, હરિ અને હર છે અને હૃદયમાં એ સત્, ચિત્ અને આનંદ રૂપે રહે છે.

**પ્રેમ કોઈને તાબેદાર બનાવતો નથી.**

ભગવાનના આધ્યાત્મિક સ્વરૂપનું આ વર્ણન છે.

**૫. ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.**
**૬. ક્યાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર.**

[અર્થ: તારા હાથમાં અન્નપૂર્ણારૂપ ઝોળી છે અને શાંતિના પ્રતીકરૂપ કમંડળ છે. ક્યાંક તારા ચાર હાથ છે તો ક્યાંક છ હાથ છે પણ ખરેખર તું તો અસંખ્ય હાથવાળો છે.]

હવે પૂ.શ્રી ભગવાનના ભૌતિક સ્વરૂપનું વર્ણન કરે છે.

દત્ત ભગવાનને ખભે ઝોળી છે અને હાથમાં કમંડળ છે. ભગવાનની આ ઝોળી જગત પાસેથી અન્ન ઉઘરાવીને ભરવા માટે નથી પરંતુ જગતને આ ઝોળીમાંથી અન્ન આપીને તેનું પોષણ કરવા માટે છે. આપવા માટે જ અવતરેલો દેવ લેવાની તો ઈચ્છા માત્ર ન રાખે. કમંડળ એ શાંતિનું પ્રતીક છે. કમંડળ પાણી રાખવાનું સાધન છે. પાણીનું એક નામ જીવન છે. પાણીનો ગુણ શીતળતા છે. ત્રિવિધ તાપથી બળતાં સંસારી જીવને જ્ઞાન-જળની ઠંડક આપવા માટે ભગવાન કમંડળ ધારણ કરે છે. દત્ત ભગવાને પાણીને ગુરુ બનાવ્યો છે.

હું એક છું, અનેક થાઉં (એકોऽહં બહુ સ્યામ્ ) એ સંકલ્પ માત્રે આ સૃષ્ટિનું સર્જન છે. ભગવાનના કોઈ જગ્યાએ ચાર હાથ હોય કે કોઈ જગ્યાએ છ હાથ હોય,

તે તો જે તે સ્વરૂપને અનુસરીને છે. વાસ્તવમાં તો બધા મનુષ્યોના હાથ એ ભગવાનના જ હાથ છે. જ્યાં પણ ભગવાનના હજાર હાથનો ઉલ્લેખ છે ત્યાં હજાર અસંખ્ય હાથનો જ સૂચક છે.

**૭. આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ! દિગંબર ચાલ્યા પ્રાણ.**

[અર્થ: એક અજાણ્યો બાળક તારે શરણે આવ્યો છે. હે દિગંબર! તું ઊઠ. એનો જીવ જતો રહે એમ છે.]

**દત્તબાવની એ શ્રીગુરુચરિત્રનો ટૂંકસાર છે. (શ્રીગુરુલીલામૃતનો ટૂંકસાર નથી.)** શ્રીગુરુચરિત્રમાં નામધારક નામનો (શ્રીગુરુલીલામૃતમાં નિરંજન નામનો) બ્રાહ્મણ ભગવાનના દર્શનાર્થે આર્ત બનીને નીકળ્યો છે. સાધનચતુષ્ટય (વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ ને મુમુક્ષુત્વ)થી સંપન્ન સાધકની આ આર્તવાણી સંસારના ત્રિવિધ તાપથી છૂટવાનો અને ભગવાનના દર્શનની તાલાવેલીનો ઉત્કટ ભાવ રજૂ કરે છે. ભગવાન ક્યારે મળે એવા શિષ્યના પ્રશ્નમાં ગુરુએ કહ્યું કે અતિ ઉત્કટ તાલાવેલી લાગે ત્યારે ભગવાન મળે. આવી ઉત્કટ તાલાવેલી કેવી હોય? એવું શિષ્યએ પૂછતાં ગુરુએ શિષ્યને એક દિવસ નદીમાં ડૂબકી મારવાનું કહ્યું. શિષ્યએ જેવી ડૂબકી મારી કે

**પ્રેમ કઠોર અને શુષ્ક હૃદયને પણ મુલાયમ બનાવે છે.**

ગુરુએ તરત જ પોતાના હાથથી શિષ્યનું માથું દબાવી દીધું. પાણીમાં ગૂંગળાયલા શિષ્યએ ખૂબ જોર કરી માથું પાણીની બહાર કાઢ્યું ત્યારે ગુરુએ કહ્યું કે પાણીમાં કેવી ગૂંગળામણ થઈ હતી? કેવી અકળામણ થઈ હતી? બસ! એવી ગૂંગળામણ કે અકળામણ થાય ત્યારે દેવના દર્શન થાય.

હે દિગંબર દત્ત ભગવાન! તારે શરણે આ અજાણ્યો બાળક આવ્યો છે. પ્રાણ ચાલ્યા જાય એવી એની સ્થિતિ થઈ છે તો તું ઊઠ! અને એને દર્શન આપ.

**૮. સૂણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્.**
**૯. દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર અંતે મુક્તિ મહાપદસાર.**

[અર્થ: અગાઉ સહસ્રાર્જુનનો પોકાર સાંભળીને તું જાતે પ્રસન્ન થયો હતો. એને અપાર ઋદ્ધિ અને સિદ્ધિ આપ્યા પછી અંતે મહાપદરૂપ મુક્તિ આપી હતી.]

હવે દત્ત ભગવાનની લીલાનું વર્ણન શરૂ થાય છે. આ બંને લીટીમાં સહસ્રાર્જુનની જ વાત છે. સત્ય(કૃત)યુગમાં ચંદ્રવંશમાં હૈહેયકુળમાં કૃતવીર્ય નામે રાજા હતો. ચ્યવન ઋષિના શાપથી એના પુત્રો મૃત્યુ પામ્યા. કૃતવીર્યની પત્નીનું નામ શીલધરા હતું. બૃહસ્પતિના કહ્યા મુજબ રાજાએ ભાસ્કરવ્રત કર્યું અને મૈત્રેયીના જણાવ્યા મુજબ

રાણી શીલધરાએ અનંતવ્રત કર્યું. જેના પરિણામે એમને અર્જુન નામે પુત્ર થયો. કૃતવીર્યના મૃત્યુ પછી અર્જુને રાજગાદી પર બેસવાની ના કહી. રાજા તરીકે પ્રજાને બરાબર સંભાળી શકે, સરસ રીતે રાજવહીવટ કરી શકે તે માટે ગર્ગાચાર્યે અર્જુનને દત્ત ભગવાનની પાસે જઇ યોગ શીખવા કહ્યું. દત્ત ભગવાને એની ઘણી કસોટી કરી. પરંતુ ગર્ગાચાર્યની વાતથી સાવધ થયેલા અર્જુને પોતાનાં શ્રદ્ધા અને નિષ્ઠા ડગવા દીધાં નહિ. આખરે દત્ત ભગવાને વરદાન માગવા કહ્યું. અર્જુને ઘણા વરદાનો માગ્યા. હું ઇચ્છુ ત્યારે મને હજાર (સહસ્ર) હાથ ફૂટે એ વરદાન ઉપરથી જ એ સહસ્રાર્જુન તરીકે ઓળખાયો.

ચોર્યાસી હજાર વર્ષ રાજ્ય કર્યા પછી અર્જુનના મનમાં વિવેકયુક્ત વૈરાગ્ય જાગ્યો. સુખ-વૈભવ ઉપરથી મન ઉઠી ગયું. એ ફરી દત્ત ભગવાન પાસે ગયો અને દત્ત ભગવાને કપરી કસોટી કર્યા પછી એને આત્મજ્ઞાનનો પંથ બતાવ્યો. દત્ત ભગવાનની કૃપાથી વિષ્ણુના અંશાવતાર પરશુરામના હાથે અર્જુનનું મૃત્યુ થયું અને અંતે મહાપદ-નિર્વાણપદના સારરૂપ મુક્તિને વર્યો.

ઋદ્ધિ અને સિદ્ધિમાં આળોટનાર અર્જુનને સમજાયું કે ભૌતિક સુખ એ સાચું સુખ નથી. આપણને પણ આવી સમજ આવે તો દત્તબાવની ગાયેલી સફળ થઇ એમ કહેવાય.

**પ્રેમનો સ્પર્શ થતાં જ વ્યક્તિ કવિ બને છે.**

**૧૦. કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ.**

[અર્થ: તેં આજે કેમ વિલંબ કર્યો છે? મને તારા વિના કોઈનો આધાર (સહારો) નથી.]

પ્રભુની શોધમાં નીકળેલો સાધક ભગવાનને અર્જુનની વાતનું સ્મરણ કરાવીને પોતાની મદદે ચઢવાની પ્રાર્થના કરે છે. મોટા માણસોની કૃપા પામવાની આ પદ્ધતિ અનુકરણ કરવા જેવી છે. મને તમારા વિના બીજો કોઈ આશરો નથી, તો પછી મારા માટે આવવામાં કેમ વિલંબ કર્યો? આવી પ્રાર્થના દેવને રાજી કરી શકે. કહેવાય છે કે **"પુકારને કી દેર હે, આને કી દેર નહિ."** ભગવાન નોધારાનો આધાર છે. દ્રૌપદીએ જ્યાં સુધી જાતે બચાવ કરવાનો પ્રયત્ન કર્યો ત્યાં સુધી ભગવાન મદદે ગયા નહિ પરંતુ જ્યારે નોધારી થઈ ત્યારે ભગવાને વસન (વસ્ત્રનું) રૂપ લઈ લાજ બચાવી.

**૧૧. વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.**

[અર્થ: વિષ્ણુશર્માનો પ્રેમ જોઈને તું શ્રાદ્ધમાં જમ્યો અને એનો ઉદ્ધાર કર્યો.]

**પ્રેમ વિશ્વાસથી જન્મે છે.**

દત્તપ્રભુની વધુ એક લીલાનું વર્ણન છે. સહ્યાદ્રિ (સહ્ય નામનો પર્વત-અદ્રિ) પાસે માતપુરમાં વિષ્ણુદત્ત નામે એક કર્મકાંડી બ્રાહ્મણ રહેતો હતો. એના આંગણામાં પીપળાનું ઝાડ હતું. એ ઝાડ ઉપર બ્રહ્મરાક્ષસનો વાસ હતો. વિષ્ણુદત્ત રોજ વિશ્વદેવ કર્યા બાદ ભૂતબલિ મૂકતો હતો. તે બલિ પીપળા ઉપર રહેનાર બ્રહ્મરાક્ષસ ખાતો હતો. બ્રાહ્મણનું પવિત્ર અન્ન ખાવાના પરિણામે રાક્ષસ શાંત થયો અને એક દિવસ ભૂતબલિ મૂકતા બ્રાહ્મણ સામે પ્રગટ થયો.

રાક્ષસનો ભયંકર દેખાવ જોઈને બ્રાહ્મણ ડર્યો. રાક્ષસે કહ્યું કે તું ભય પામીશ નહિ. હું પ્રસન્ન થયો છું તેથી તું વરદાન માગ. બ્રાહ્મણની પત્નીના કહેવા મુજબ બ્રાહ્મણે “દત્તનું દર્શન કરાવ” એવું વરદાન માગ્યું. આ રાક્ષસ ગયા જન્મમાં બ્રાહ્મણ હતો તેથી તેણે દત્તદર્શન કરાવવાનું વચન આપ્યું. પહેલી વાર રાક્ષસે બ્રાહ્મણને કહ્યું કે પેલો દારૂના પીઠા પર ઊભો છે તે દત્ત છે, તું એના ચરણે પડ. પરંતુ શંકાશીલ બ્રાહ્મણ એના ચરણે પડ્યો નહિ. ‘સંશયાત્મા વિનશ્યતિ’ એ ઉક્તિ સાચી પડી. બીજી વાર સ્મશાનમાં કુરકુરિયાં સાથે રમતા માણસને બતાવીને કહ્યું કે આ જ દત્ત છે, તું ચરણે પડ. પરંતુ એની પાસે જતાં સ્મશાનમાં રમનાર એ વ્યક્તિએ બ્રાહ્મણને છૂટાં હાડકાં મારવા માંડ્યા. વિષ્ણુદત્ત બ્રાહ્મણ મરણની બીકથી નાસી ગયો. (અભયત્વ સિદ્ધ થયું ન હતું.)

**પ્રેમ દયાથી મૃત્યુ પામે છે.**

છેવટે ત્રીજી વાર ફરી પાછા સ્મશાનમાં આવેલા દત્તને રાક્ષસે બતાવ્યા. વિષ્ણુદત્ત હવે શંકાશીલ પણ ન હતો અને ભયભીત પણ ન હતો. તેથી વિશ્વાસપૂર્વક દર્શન કરી ભગવાનને પોતાના ઘરે અમાવસ્યાના નિત્ય શ્રાદ્ધમાં જમવા આવવાનું આમંત્રણ આપ્યું. કરુણાસાગર દત્તપ્રભુ પ્રેમને વશ શ્રાદ્ધમાં જમવા આવ્યા. દત્ત ભગવાને એને વરદાન આપ્યું અને અંતે મોક્ષ આપ્યો.

આમ વિષ્ણુશર્મ બ્રાહ્મણનો ભાવ-પ્રેમ જોઈને દત્ત ભગવાન શ્રાદ્ધમાં જમ્યા અને એને મોક્ષ આપ્યો.

## ૧૨. જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ.
## ૧૩. વિસ્તારી માયા, દિતિસુત ઈંદ્રકરે હણાવ્યો તૂર્ત.

[અર્થ: જંભ નામના રાક્ષસથી ત્રાસેલા દેવને તેં ત્યારે તરત જ મદદ કરી હતી. તેં તારી માયાને ફેલાવીને ઇંદ્રને હાથે એ રાક્ષસનો તરત જ વધ કરાવ્યો હતો.]

આ બંને લીટીમાં જંભ રાક્ષસને ઇંદ્ર દ્વારા હણાવ્યો તેનું વર્ણન છે. અર્જુનને દત્તપ્રભુ પાસે જઇ યોગ વિદ્યા શીખવાની સલાહ આપનાર ગર્ગાચાર્ય અર્જુન સમક્ષ આ લીલાનું વર્ણન કરે છે. જંભ નામના એક મહાન દૈત્યે સ્વર્ગ ઉપર ચઢાઇ કરી. સ્વર્ગમાંથી દેવોને ભગાડી દીધાં.

બધા દેવો બીકના માર્યા મેરુગુફામાં ભરાઈ ગયા. એક વાર બધા દેવો બૃહસ્પતિ સાથે દત્ત ભગવાન પાસે ગયા અને પોતાના દુઃખની વાત કરી. દત્તપ્રભુએ પહેલાં તો એમની કસોટી કરી પરંતુ પછી પ્રસન્ન થઈને રસ્તો બતાવ્યો.

દત્તપ્રભુના કહ્યા પ્રમાણે દેવો પાછા સ્વર્ગમાં ગયા અને રાક્ષસ સાથે યુદ્ધ શરૂ કર્યું. દૈત્યના જબરા હુમલાથી દેવો નાસ્યા અને રાક્ષસો તેમની પાછળ પડ્યા. બધા દેવો દત્તપ્રભુની પાછળ આવીને સંતાઈ ગયા. રાક્ષસો દેવોની પાછળ આવતા હતા ત્યાં એમણે કોઈ સ્ત્રીનો કોયલ જેવો મીઠો અવાજ સાંભળ્યો. સ્ત્રીના મધુર અવાજથી મુગ્ધ થયેલા રાક્ષસોએ જ્યારે દત્તપ્રભુ પાસે લક્ષ્મીજીને જોયાં ત્યારે તેના રૂપમાં ઘેલાં થયા અને લડવાનું છોડી લક્ષ્મીજીને પાલખીમાં લઈ જઈ સ્વર્ગ તરફ ચાલવા માંડ્યું. દત્તપ્રભુએ કહ્યું કે હવે યુદ્ધ કરો. રાક્ષસો હારશે, કારણ કે તેઓ પરસ્ત્રીમાં મોહ્યા છે. દેવ-દાનવના યુદ્ધમાં દાનવો હાર્યા અને ઈંદ્ર દ્વારા જંભ મરાયો.

અદિતિના પુત્રો આદિત્ય અને દિતિના પુત્રો દૈત્યો કહેવાયા. આમ દિતિસુત એટલે દૈત્યો. ભગવાને પોતાની માયાનો વિસ્તાર કરી, ઈંદ્ર દ્વારા જંભનો નાશ કરાવ્યો. દત્ત ભગવાને કોઈનો નાશ કર્યો નથી.

**જે પ્રેમ કરે છે તે જ ક્ષમા કરે છે.**

આ જંભ એટલે કામ એવું પૂ.શ્રી એક સ્તોત્રમાં જણાવે છે.

જમ્ભોડયં ભો: કામરૂપ: પ્રકામં
દીનં બાલં નિર્દયં માં નિહન્તિ ।
હત્વા હ્યેનં સ્વાત્મરાજ્યં પ્રદેહિ
કોન્યસ્ત્રીશ ત્વદ્વિનાસ્ય પ્રભુ: સ્યાત્ ॥

(આર્ત પ્રાર્થના શ્લોક ૪)

હે દેવ! આ કામરૂપી જંભ રાક્ષસ મને દીન બાળક પર નિર્દયતાથી અત્યંત પ્રહાર કરી રહ્યો છે માટે એનો સંહાર કરી મને સ્વાત્મરાજ્ય દો. હે પ્રભુ! તમારા વિના એને સીધો કરવા બીજો કોણ સમર્થ છે?

જ્ઞાનથી કામનો નાશ કરવાનું સૂચન આ લીલા દ્વારા પ્રગટ થાય છે.

## ૧૪. એવી લીલા કંઇ કંઇ શર્વ કીધી વર્ણવે કો તે સર્વ?

[અર્થ: આવી ભગવાન શંકરે (શર્વ) અનેક લીલાઓ કરી છે. એ બધી લીલાનું વર્ણન કોણ કરી શકે?]

દત્ત ભગવાન જ્ઞાનાવતાર છે એટલે એમણે કોઇને માર્યા નથી, પણ તાર્યા જ છે. ભગવાન કૃષ્ણએ કંસનો વધ કર્યો. ભગવાન રામે રાવણને માર્યો. પરંતુ દત્તપ્રભુએ ઇંદ્ર દ્વારા જંભને હણાવ્યો, પોતે નથી માર્યો. ભગવાન જે કરે છે

**સેવા એ પ્રેમનું બાહ્ય સ્વરૂપ છે.**

તે લીલા છે, ક્રીડા છે, રમત છે. એનું એમને બંધન નથી. માણસ જે કરે તે કર્મ અને એનું કર્મ પુણ્ય કે પાપનું ફળ આપે છે. ભગવાનની કલ્યાણરૂપ-શિવસ્વરૂપ અગણિત લીલાનું કોણ વર્ણન કરી શકે?

આવા નિવેદન દ્વારા આર્તભક્ત ભગવાનની સ્તુતિ કરીને પોતાનું દુ:ખ દૂર કરવાની પ્રાર્થના કરે છે. આ શાસ્ત્રીય પદ્ધતિનો વિવેક છે.

## ૧૫. દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ.

[અર્થ: આયુરાજા પુત્રને માટે દોડ્યો પરંતુ તેં એને કામના રહિત (નિષ્કામ) કરી દીધો.]

પાછું ભગવાનની લીલાનું આ વર્ણન છે. ચંદ્રવંશમાં પુરુરવા નામના રાજાને આયુ નામનો પુત્ર હતો. આયુ રાજાને ઇંદુમતી નામની રાણી હતી. સદ્‌ગુણોનો ભંડાર એવા રાજાને પુત્ર ન હતો. પુત્ર વિના દુ:ખી રહેતા આયુને જ્યોતિષીઓએ દત્તને શરણે જઇ, તેની સેવા કરી, સેવા દ્વારા વરદાન મેળવવાનો રસ્તો બતાવ્યો. દત્તને શરણે જઇ, એની કસોટીમાંથી પાર ઊતરી, આયુએ દત્તને પ્રસન્ન કર્યા અને વરદાનરૂપે પુત્ર માંગ્યો. દત્તપ્રભુએ 'તથાસ્તુ' કહ્યું. ભગવાનના વરદાને ઇંદુમતી સગર્ભા થઇ અને પુત્રને જન્મ આપ્યો.

જયારે આયુ દત્તપ્રભુ પાસે પુત્રની ઈચ્છાથી ગયો હતો ત્યારે પૃથ્વી પર હુંડ નામનો એક ભયંકર રાક્ષસ જન્મ્યો હતો. એણે અશોકસુંદરી નામની કન્યાનું હરણ કર્યું ત્યારે એ અશોકસુંદરીએ શાપ આપ્યો કે ‘જા, તને આયુપુત્ર મારશે’. એણે કન્યાને જેલમાં પૂરી દીધી.

એકવાર આ રાક્ષસની દીકરી સ્વર્ગમાં રમવા ગઈ હતી ત્યારે ચારણોને એમ કહેતાં સાંભળ્યા કે આયુની પત્ની ઈંદુમતીના ગર્ભમાં જે પુત્ર છે તે હુંડાસુરનો કાળ છે અને તે હુંડાસુરને મારશે. દીકરીએ આ વાત સાંભળી અને એ વાત પિતા હુંડાસુરને કરી. હુંડાસુરે ઈંદુમતીના ગર્ભનો નાશ કરવાના પ્રયત્નો કર્યા પરંતુ તેમાં નિષ્ફળ ગયો ત્યારે જન્મેલા પુત્રને પ્રસૂતિગૃહમાંથી લઈ ગયો. પુત્રના વિયોગથી આયુ અને ઈંદુમતી અતિશય દુ:ખી થયાં.

હુંડાસુરે આ બાળકને મારી નાખી, એનો પાક બનાવી લાવવા પત્નીને કહ્યું. પત્નીએ શિશુને ન મારવા હુંડાસુરને કહ્યું પણ હુંડાસુર માન્યો નહિ એટલે રાણીએ દાસીને કહ્યું કે આનો પાક કરી લાવ. દાસીએ રસોઈયાને બાળક આપ્યું. દત્તપ્રભુ બાળકનું રક્ષણ કરતા હતા તેથી રસોઈયાની તલવારથી પણ મર્યો નહિ. દાસી અને રસોઈયાના દિલમાં દયા આવી. કોઈ એક ઋષિના આશ્રમના ઓટલા પર

બાળકને મૂકી આવ્યાં અને હુંડાસુરને હરણના બચ્ચાનું માંસ રાંધી આપ્યું. હુંડાસુર શિશુનું માંસ સમજીને ખાઇ ગયો.

ઇંદુમતીએ કારમું કલ્પાંત કર્યું અને આયુરાજા પણ દુ:ખી દુ:ખી થઇ ગયા ત્યારે દત્ત ભગવાને નારદને મોકલ્યા. નારદે આયુને નશ્વર સંસારની વાત સમજાવી એનામાં વિવેક જગાડ્યો. નારદની જ્ઞાનની વાતો સાંભળીને આયુરાજાનું દુ:ખ ઓછું થયું. નારદે આશ્વાસન આપતાં કહ્યું કે તમારું બાળક કોઇ ઋષિના આશ્રમમાં ઊછરી રહ્યું છે. ચિંતા કરશો નહિ.

સુત (પુત્ર)ને માટે દોડેલા આયુને ભગવાને આ રીતે નિષ્કામ બનાવ્યો.

"અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ.
નથી તેને માની રે, સ્વાધીન હાથે ખુએ!" એ પંક્તિ મુજબ અવિવેક દૂર થતાં જ આયુને સાચું શું તે સમજાયું.

ભગવાનનું-સંતનું કામ સંસારીને નિષ્કામ બનાવવાનું છે. સાચી સમજ આવી જાય તો પછી દુ:ખ જેવું કશું રહેતું નથી. સુખ અને દુ:ખ એ મનની કલ્પના છે.

## ૧૬. બોધ્યા યદુને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.

[અર્થ: તેં યદુરાજાને, પરશુરામને, સાધ્યદેવોને અને કામના રહિત (અકામ) પ્રહ્લાદને ઉપદેશ આપ્યો હતો.]

**ક્રોધ રોગ છે, પ્રેમ ઔષધિ છે. ક્રોધ મારે, પ્રેમ તારે.**

ભગવાન દત્તાત્રેયે સાધ્યદેવ, પ્રહ્લાદ, પરશુરામ અને યદુને પણ જ્ઞાનનો બોધ કરીને કામના વગરના કર્યા. જ્ઞાનનો પ્રકાશ થતાં જ વ્યક્તિની ભ્રમણા ભાગે છે અને જગત સત્ય નથી, આભાસ માત્ર છે એવી ખાતરી થાય છે અને પછી એને હર્ષ-શોક રહેતાં નથી. અપેક્ષા, કામના, ઈચ્છા જ બધા દુ:ખનું મૂળ છે. વ્યક્તિ કામના રહિત-અકામ-થઈ જાય તો પછી સુખ, સુખ ને સુખ જ રહે છે.

સાચા સંતનું કામ શિષ્યની ભ્રમણા દૂર કરી પ્રભુપદમાં પ્રીતિ પ્રગટાવવાનું છે અને એ દ્વારા એનું પરમ કલ્યાણ કરવાનું છે.

બ્રહ્માનંદનું ભજન છે:

સંત પરમ હિતકારી જગતમાંહિ
સંત પરમ હિતકારી.
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મીટાવત ભારી.

## ૧૭. એવી તારી કૃપા અગાધ, કેમ સૂણે ના મારો સાદ?

[અર્થ: આવી તારી અગાધ કૃપા હોવા છતાં તું મારો પોકાર કેમ સાંભળતો નથી?]

લીલાનું વર્ણન કરીને ભગવાનની સમર્થતાનું સ્મરણ અને સ્તુતિ કરીને પછી પોતાને દુ:ખમાંથી ઉગારવાની

**ક્રોધ તોડે છે, પ્રેમ જોડે છે.**

આજીજી કરવાની છે. હે પ્રભુ! તું અનાથનો નાથ છે, કરુણાનો સાગર છે, તેં અનેક ભક્તો પર અગાધ કૃપા કરી છે તો મારો અવાજ કેમ સાંભળતો નથી? આવી આર્તવાણી ભગવાનને રાજી કરે છે. પરંતુ આવું કહેવાનો અધિકાર પ્રાપ્ત કરવાનો હોય છે. ભગવાન સાથે સંબંધ બાંધ્યો હોય તો જ આવું કહી શકાય અને ભગવાન સાંભળે.

## ૧૮. દોડ, અંત ના દેખ અનંત, મા કર અધવચ શિશુનો અંત.

[અર્થ: હે અનંત! તું દોડ. તું મારો અંત ના જો. આ બાળકનો અધવચ્ચે અંત કરીશ નહિ.]

આકુળવ્યાકુળ થયેલો દુ:ખી સાધક ભગવાનને પ્રાર્થના કરે છે કે હે ભગવાન! તું દોડ. હે અનંત! તું બાળકનો અંત થાય એવી પરિસ્થિતિ ઊભી થવા દઈશ નહિ. એનું મૃત્યુ થાય-એનો અંત થાય એ તું જોયા ના કરીશ. તારા દર્શન વિના મારે અધવચ મરવું નથી. ભક્ત ભગવાનને માતા અને પિતા ગણે છે. મા-બાપને પોતાના સંતાન માટે અપાર સ્નેહ હોય છે એ હકીકતને ધ્યાનમાં રાખી ભગવાનને પીગળાવવાનો આ પ્રયાસ છે.

## ૧૯. જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ થયો પુત્ર તું નિ:સંદેહ.

[અર્થ: બ્રાહ્મણની સ્ત્રીનો પ્રેમ જોઈને તું ખરેખર એનો પુત્ર થયો.]

ભગવાન દત્તાત્રેયની લીલાનું વર્ણન કર્યા પછી હવે દત્તના અવતાર એવા **શ્રીપાદશ્રીવલ્લભ**ની લીલાનું સ્મરણ કરવામાં આવે છે. ઈ.સ. ૧૫૦૦ની આજુબાજુ પીઠાપુરમાં રાજા નામના બ્રાહ્મણના ઘરે એક દૈવી બાળકનો જન્મ થયો. રાજાની પત્નીનું નામ સુમતિ હતું. બાળકનું નામ પાડ્યું શ્રીપાદ. મા-બાપની અનુમતિથી એમણે ઘર છોડી સંન્યાસ લીધો.

કુરવપુર (આજનું કુરુગડ્ડી)માં એક વિદ્વાન અને સદાચારી બ્રાહ્મણ રહેતો હતો. એની પત્નીનું નામ અંબિકા હતું. એમને એક પુત્ર થયો પણ પ્રારબ્ધ વશ પુત્ર અતિ મંદબુદ્ધિનો હતો. વેદોનો જાણકાર બ્રાહ્મણ પિતા અને ધાર્મિક સુશીલ માતા હોવા છતાં પુત્ર જડબુદ્ધિનો નીકળ્યો. ઘણા પ્રયત્નો કરવા છતાં પુત્રની બુદ્ધિ ન જ ખીલી અને વિદ્યા મેળવી શક્યો નહિ. સમય જતાં પિતાનું મૃત્યુ થતાં માતા ભીખ માગીને તેનું ભરણપોષણ કરતી હતી. આવા પુત્રને કન્યા પણ કોણ આપે? લોકોનાં કટુવચનો અને મેણાટોણા સાંભળીને પુત્રએ આત્મહત્યા કરવાનો વિચાર

કર્યો. માતાએ કહ્યું કે મારે પણ જીવીને શું કરવું છે? બંને જણા જળસમાધિ લેવાના આશયથી કૃષ્ણા નદીને તીરે આવ્યા. એ જ સમયે શ્રીપાદ પ્રભુ સ્નાન કરવા માટે કૃષ્ણા નદી પર જઈ રહ્યા હતા. માતા અને પુત્રે પગે લાગીને જળસમાધિ માટે આજ્ઞા માગી. શ્રીપાદ પ્રભુએ પૂછ્યું કે 'માતા! એવું તે શું દુઃખ આવી પડ્યું છે?' માતાએ રડતાં રડતાં પોતાની કરુણ કથની કહી સંભળાવી. ભગવાન આવતે જન્મે મંદબુદ્ધિનો પુત્ર ન આપે એવી પ્રાર્થના પણ કરી અને કહ્યું કે "આવતે જન્મે બુદ્ધિશાળી પુત્ર થાય એવો ઉપાય બતાવો."

શ્રીપાદ પ્રભુએ પ્રદોષ સમયે શિવપૂજનનું વ્રત કરવાનું કહ્યું અને આ વ્રતનો મહિમા પણ કહી સંભળાવ્યો. પુત્રના માથે હાથ મૂકતાં તે વિદ્વાન થયો અને આવતા જન્મે મારા જેવો બુદ્ધિશાળી પુત્ર થશે એવા આશીર્વાદ પણ આપ્યા.

આ આશીર્વાદ મુજબ શ્રીપાદ શ્રીવલ્લભ એ સ્ત્રીના પેટે જન્મ્યા અને **નૃસિંહ સરસ્વતી સ્વામી**ના નામે લીલા કરી.

કેવળ ગરીબ અને દુખિયારી બ્રાહ્મણ સ્ત્રીના સ્નેહને વશ થઈને ભગવાને બીજા જન્મે પુત્ર તરીકે જન્મ લીધો.

**પ્રેમ વગર ત્યાગ સંભવતો નથી.**

## ૨૦. સ્મર્તૃગામી કલિતાર કૃપાળ તાર્યો ધોબી છેક ગમાર.

[અર્થ: હે સ્મરણ માત્રે હાજર થનાર! હે કલિમાં તારનાર! હે કૃપાળુ! તેં છેક ગમાર એવા ધોબીને પણ તાર્યો છે.]

દત્તાવતારી શ્રીપાદ પ્રભુ સ્મરતાંની સાથે દોડી આવે છે એટલે સ્મર્તૃગામી છે. કલિની અંદર દત્તભક્તિ તારનારી છે એટલે એ કલિતાર છે.

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદન: ।
દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભ: ॥

સત્ય(કૃત) યુગમાં જનાર્દન, ત્રેતાયુગમાં શ્રીરામ, દ્વાપર યુગમાં શ્રીબલરામ અને ભગવાન શ્રીકૃષ્ણ અને કલિમાં શ્રીપાદ શ્રીવલ્લભ તારનાર ગણાય છે.

શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુએ ધોબીને કેવી રીતે તાર્યો એ પણ રસપ્રદ લીલા છે. ભગવાન શ્રીપાદ શ્રીવલ્લભ કુરવપુરમાં હતા ત્યારે કૃષ્ણા નદીએ ત્રણ વાર નિત્ય સ્નાન કરવા જતા. નદી ઉપર એક ધોબી કપડાં ધોવા આવતો હતો. એ શ્રદ્ધાપૂર્વક ત્રણે વાર શ્રીપાદ પ્રભુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો. એક દિવસ શ્રીપાદ પ્રભુએ પૂછ્યું કે, "હે ધોબી! તું કેમ રોજ પગે પડે છે? તારી શું ઈચ્છા છે? જા હું તારા પર પ્રસન્ન થયો છું. હું તને રાજ આપીશ."

**પ્રેમના પેટમાં ત્યાગ જન્મે.**

ધોબીએ વરદાનનું સ્મરણ રહે તેથી લૂગડાને છેડે ગાંઠ વાળી. એક વાર વસંતઋતુમાં એક યવન રાજા સ્ત્રીઓ સાથે ક્રીડા કરવા આવ્યો. રાજાનું સુખ જોઈને ધોબીને થયું કે આવું સુખ ન મળે તો જીવ્યું પણ વ્યર્થ છે. ધોબી વિચારે ચઢી ગયો. ત્યાં જ શ્રીપાદ પ્રભુ આવ્યા. ધોબી પગે પડ્યો એટલે પ્રભુએ પૂછ્યું, કેમ રે ધોબી! તારા મનમાં શું ચાલી રહ્યું છે? તું  તારી મનોવાંછના પૂરી કર. આવતા જન્મમાં તું વૈદૂર્યનગરમાં મુસલમાન રાજા થઈશ અને જીવનના અંત ભાગમાં મારું દર્શન થશે. આ જ ધોબી બીજા જન્મે યવનરાજા થયો. શ્રીપાદ પ્રભુના જ અવતાર એવા શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીએ એને દર્શન આપ્યાં. ધોબીની વાસના પૂર્ણ કરી, એને રાજા બનાવ્યો અને અંતે એને તારી દીધો.

## ૨૧. પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.

## પેટપીડથી તાર્યો વિપ્રઃ

[અર્થઃ તેં બ્રાહ્મણને પેટની પીડાથી બચાવ્યો અને વેપાર કરતાં બ્રાહ્મણ શેઠને તરત જ ઉગારી લીધો.]

આ પંક્તિમાં બે લીલા છે. એક તો વિપ્રની પેટની પીડા દૂર કરવાની લીલા અને બીજી બ્રાહ્મણ શેઠને ઉગારવાની લીલા કરી. શ્રીપાદ શ્રીવલ્લભે પોતાની સ્થૂળ દેહની લીલા સંકેલીને કરંજપુરનગરમાં શ્રીનૃસિંહ સરસ્વતી નામે બીજો

અવતાર લીધો. પહેલી લીલા શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીએ કરેલી લીલા છે.

એક વાર ગંગાકિનારે વાસર બ્રહ્મેશ્વર નામના પવિત્ર ક્ષેત્રમાં મહાસુદ દશમના રોજ શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી સ્નાન માટે આવ્યા. એક બ્રાહ્મણ પેટની આકરી પીડાથી નદીના કિનારે આળોટતો હતો. પેટમાં શૂળ ભોંકાતી હોય એવી પીડા થતી હતી. પેટમાં અન્ન જતાંની સાથે જ અસહ્ય પીડા થતી હોવાથી કંટાળીને એ બ્રાહ્મણે આપઘાત કરવાનો વિચાર કર્યો. નદીમાં ડૂબી મરવાના ઈરાદાથી નદીમાં પ્રવેશતાં બ્રાહ્મણને શ્રીનૃસિંહ સ્વામીએ શિષ્યો દ્વારા બોલાવ્યો. મરવાનું કારણ પૂછતાં એણે પેટના દુઃખાવાની વાત કરી. આગલે દિવસે મહાનવમીના ઉત્સવ નિમિત્તે મેં એક મહિનાના ઉપવાસ પછી દહીંથરા, વડા અને દૂધપાક ખાધાં. ખાતાંની સાથે જ આ દુઃસહ પીડા ઊપડી છે. શ્રીનૃસિંહ સ્વામીએ કહ્યું કે “તું ચિંતા ના કર. તારો રોગ મૂળમાંથી ગયો જાણ.” આમ કહીને તેમણે સાયંદેવ નામના બ્રાહ્મણને કહ્યું કે તું એને તારા ઘરે લઈ જઈ દૂધપાક, વડા અને દહીંથરા જમાડ. સાયંદેવે શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીને પણ ભિક્ષાનું આમંત્રણ આપ્યું. શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામીની હાજરીમાં બ્રાહ્મણને જમાડ્યો અને તેની પેટપીડા તરત જ ટળી ગઈ.

**શ્રદ્ધા અને વિશ્વાસ માનવીને મળેલી પાંખો છે.**

## બ્રાહ્મણ શેઠ ઉગાર્યો ક્ષિપ્ર:

કુરવપુરમાં શ્રીપાદ પ્રભુએ પોતાના સ્થૂળ દેહની લીલા સંકેલી લીધા પછી અદશ્ય રૂપે કરેલી આ લીલા છે. સદેહે ન હોવા છતાં અવતારી પુરુષો ભક્તનાં કામ તો કરતા જ હોય છે એના પુરાવારૂપ આ લીલા છે.

કશ્યપ ગોત્રમાં જન્મેલો વલ્લભેશ  નામનો બ્રાહ્મણ શ્રીપાદ પ્રભુનો ભક્ત હતો. એ બ્રાહ્મણ વેપાર કરતો હતો. એક દિવસ વેપાર શરૂ કરતાં તેણે મનોમન સંકલ્પ કર્યો કે જો આ વર્ષે મને ઘણો લાભ થશે તો હું કુરવપુર દર્શને જઈશ અને ત્યાં ચાર હજાર બ્રાહ્મણોને જમાડીશ. ભગવાનની કૃપાથી એ વેપારાર્થે જયાં જયાં ગયો ત્યાં ત્યાં સો ગણો લાભ થયો અને સંકલ્પ મુજબનું અઢળક ધન મળ્યું. સંકલ્પ પૂરો કરવા તે પૂરતા પૈસા લઈને કુરવપુર જવા નીકળ્યો. આ વાત જાણીને કેટલાક ચોરો તેની સાથે થઇ ગયા અને પોતે પણ કુરવપુર શ્રીપાદ પ્રભુના દર્શને જ જાય છે એવી વાત કરી વલ્લભેશનો વિશ્વાસ સંપાદન કર્યો. બે-ત્રણ દિવસ પછી ભયાનક જંગલ આવતાં લાગ જોઈને ચોરોએ તલવારથી વલ્લભેશનું માથું કાપી નાખ્યું. મૃત્યુ સમયે વલ્લભેશે શ્રીપાદ પ્રભુનું સ્મરણ કર્યું. સ્મરણ થતાંની  વારમાં શ્રીપાદ પ્રભુ જટાધારીના વેશમાં આવ્યા અને ચોરોને મારી

**શાસ્ત્રોના વચનમાં વિશ્વાસ એટલે શ્રદ્ધા.**

નાખ્યા. બધા પૈકી એકે કહ્યું કે "હે ભગવાન! હું નિર્દોષ છું. હું આમના જેવો ચોર નથી. પરંતુ આ લોકો ચોર છે એવો મને ખ્યાલ ન હોવાથી હું એમની સાથે નીકળ્યો હતો. મને મારશો નહિ."

ભગવાન શ્રીપાદે કહ્યું, હું કહું તેમ તું કર. એમ કહીને વલ્લભેશના ધડ સાથે એનું માથું જોડાવી એના પર ભસ્મ નાખવા કહ્યું. શ્રીપાદ પ્રભુએ સ્થિર નેત્રથી અમૃતભરી નજર નાખી ત્યાં જ વલ્લભેશ ઊઠ્યો. ભગવાન તરત જ અદૃશ્ય થયા. મરેલા ચોરોને જોતાં જ વલ્લભેશે પેલાને પૂછ્યું કે આમને કોણે માર્યા? પેલાએ બધી વાત કહી સંભળાવી. પોતાને માટે શ્રીપાદ પ્રભુ પ્રગટ થયાં તેથી આનંદ આનંદ થઈ ગયો પરંતુ પોતાને દર્શન ના થયા એનો રંજ રહી ગયો.

દેહલીલા સંકેલી લીધા પછી પણ શ્રીપાદ પ્રભુએ બ્રાહ્મણ શેઠને ઉગારી લીધો. અવતારી પુરુષો શરીર ત્યાગ્યા પછી પણ એમનું કાર્ય કર્યા જ કરતા હોય છે. તેથી જ પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં લખ્યું છે કે:

કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.

(અ.૧૨૨ દો. ૧૨૨)

**શ્રદ્ધા પરમ દુર્લભ છે.**

**૨૨. કરે કેમ ના મારી વ્હાર જો આણીગમ એક જ વાર.**

[અર્થ: તું મને મદદ કેમ નથી કરતો? તું એક જ વાર આ બાજુ જો.]

ભગવાનના દર્શન માટે આકુળવ્યાકુળ થયેલો ભક્ત ભગવાનની લીલાનું વર્ણન કરતો જાય અને પાછો પોતાની આર્તપ્રાર્થના પણ કરતો જાય અને એ દ્વારા ભગવાનને રીઝવતો જાય. તેં બધાને મદદ કરી છે તો મને કેમ મદદ નથી કરતો? તું મારી સામે એક વાર જો અને મારી વ્હાર કર. (વ્હાર એટલે મદદ.)

**૨૩. શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર થયો કેમ ઉદાસીન અત્ર?**

[અર્થ: સૂકા લાકડાને તેં પાંદડા આણ્યા તો પછી અહીં કેમ ઉપેક્ષાવૃત્તિ (ઉદાસીનતા) દાખવે છે?]

શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીની આ લીલા છે. જયારે શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી ગાણગાપુરમાં હતા ત્યારે યજુર્વેદી અને ભાર્ગવ ગોત્રી નરહરિ નામનો એક બ્રાહ્મણ આવ્યો. એના શરીરે કોઢ નીકળ્યો હતો. લોકોના તિરસ્કારથી દુ:ખી થયેલો નરહરિ શ્રીનૃસિંહ સ્વામીના શરણે આવ્યો. આ સમયે કેટલાક લોકો ચાર વર્ષ જુનું ઔદુંબરનું સૂકું લાકડું બાળવા માટે લઈ જતા હતા. સ્વામીજીએ એ લાકડું મંગાવી નરહરિને

આપીને કહ્યું કે તું સંગમે જા. ભીમાતટ પર એને ઝાડની જેમ રોપજે. એને વિધિ બતાવી અને એ લાકડાને રોજ બે કળશ જળ ચઢાવવાનું સૂચવ્યું અને કહ્યું કે જે દિવસે એને પાંદડાં ફૂટશે એ દિવસે તારો કોઢ જશે.

ગુરુના વચનમાં અનન્ય નિષ્ઠા અને દૃઢવિશ્વાસ રાખીને તેણે વિધિવત્ શ્રદ્ધાપૂર્વક બે કળશ વારિનું સિંચન કરવાનું શરૂ કર્યું. અશક્ય જણાતી વાત શક્ય બની. એક દિવસ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી આવ્યા અને નરહરિની શ્રદ્ધા નિષ્ઠા જોઇ પ્રસન્ન થયાં. પોતાના કમંડળમાંથી જળ લઈને છાંટતાં જ પાંદડાં ફૂટ્યાં અને નરહરિનો કોઢ ગયો અને એ સુંદર દેહવાળો થયો.

ભકત કહે છે કે આવી અશકય વાતને શકય બનાવનાર હે પ્રભુ! મારા પ્રત્યે કેમ ઉદાસીન થયા છો? મારી વાત કેમ ધ્યાનમાં લેતા નથી?

## ૨૪. જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન.

[અર્થ: તેં ઘરડી વંધ્યા સ્ત્રીના પુત્રનાં બધાં જ સ્વપ્નો સફળ કર્યા-પાર પાડ્યા.]

શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી જયારે ગાણગાપુરમાં હતા ત્યારે થયેલી આ લીલા છે. શૌનકગોત્રી અને

**શ્રદ્ધા હોય ત્યાં શંકાને સ્થાન નથી.**

આપસ્તંબશાખી સોમનાથ નામે વેદજ્ઞ બ્રાહ્મણ હતો. એની પત્નીનું નામ ગંગા હતું. સાઠ વરસની ગંગાને કોઇ સંતાન ન હતું. ગંગા પતિ પરાયણ, ભોળી અને ભાવિક હતી. એ શ્રીનૃસિંહ સ્વામીનાં દર્શન કરવા રોજ શ્રદ્ધાપૂર્વક જતી. સ્વામીની પૂજા કરે અને આરતી ઉતારે. એથી પ્રસન્ન થઈને એક દિવસ ગુરુજીએ પૂછ્યું, હે બ્રાહ્મણ સ્ત્રી! તું રોજ કેમ આવે છે અને આરતી ઉતારે છે? તારા મનમાં શું ઇચ્છા છે? તું દિલ ખોલીને તારી ઇચ્છા કહે. ભગવાન એ ઇચ્છા ગુરુકૃપાથી પૂરી કરશે.

ગંગાએ વંધ્યાપણાના દુઃખની વાત કરી અને સંતાન વિના જીવન એળે ગયું એમ કહ્યું. હવે સાઠ વરસ થઇ ગયાં એટલે આવતા જન્મમાં પુત્ર થાય એવું વરદાન આપો. આટલી ઇચ્છા પૂરી કરો.

સ્વામીએ કહ્યું કે આવતા જન્મે શું કામ? તને આ જ જન્મમાં પુત્ર અને કન્યા થશે. આવું કહેતાંની વારમાં ગંગાએ લૂગડે ગાંઠ બાંધી. એણે ગુરુજીને કહ્યું કે મને સાઠ વરસ થયાં છે, માસિકધર્મ પણ આવતો નથી. તો પછી સંતાન ક્યાંથી થશે?

શ્રીનૃસિંહસરસ્વતીએ એને અશ્વત્થ(પીપળા)નું વિધિવત્ પૂજન કરવાનું કહ્યું. અશ્વત્થ માહાત્મ્ય સમજાવ્યું. અશ્વત્થની પૂજાથી એને દિવ્ય સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં

**શ્રદ્ધાનો જન્મ આત્મવિશ્વાસ અને પ્રેમમાંથી થાય છે.**

આવીને બ્રાહ્મણે કહ્યું કે તું ગુરુ પાસે જા અને એ જે પ્રસાદ આપે તે ખા. તારી ઈચ્છા સિદ્ધ થશે.

જાગ્યા પછી ગંગા ગુરુદર્શને ગઇ. ગુરુજીએ બે ફળ આપ્યાં તે ખાધાં. વ્રત સમાપ્તિ થતાં ગંગા ઋતુમતી (રજસ્વલા) થઇ. એ સગર્ભા થઇ અને એને કન્યા અને પુત્ર એમ બે સંતાન થયાં.

ગુરુની કૃપાથી આવી જર્જર (ઘરડી) વંધ્યાનાં સંતાન અંગેના બધાં (કૃત્સ્ન) સ્વપ્નો સફળ થયાં.

## ૨૫. કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ.

[અર્થ: બ્રાહ્મણનો કોઢ દૂર કરીને તેં એના મનની ઈચ્છા પૂરી કરી.]

શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી સંગમે રહ્યા હતા ત્યારે થયેલી લીલા છે. નંદિ નામે એક બ્રાહ્મણ હતો. એના આખા શરીરે કોઢ નીકળ્યો હતો. તે માતાનો ભક્ત હતો. તુળજાપુરમાં ત્રણ વર્ષ સુધી માતાની પૂજા કરી. તેના ફળસ્વરૂપે માતાએ આજ્ઞા કરી કે તું ચંદલા દેવી પાસે જા. તુળજાપુરના ‘મા જગદંબા’ની આજ્ઞાથી એ નંદિ ચંદલા સ્થાનની ચંદલા માતા પાસે આવ્યો.

અહીં સાત મહિના ઉપવાસ કરી પુરશ્ચરણ કર્યા. એક દિવસ સ્વપ્નમાં આવીને ચંદલા દેવીએ કહ્યું કે

"ગાણગાપુરમાં દત્તાવતારી શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી પાસે જા. ત્યાં તારું કામ થશે. એ તને ચોક્કસ તારશે." નંદિને ગુસ્સો આવ્યો. એને થયું કે આ દેવી થઈને મને મનુષ્ય પાસે શું કામ મોકલે છે? એણે હઠપૂર્વક ફરી પુરશ્ચરણ કરવાનું વિચાર્યું. પરંતુ ચંદલા માતાએ સેવકોને સ્વપ્ન આપ્યું કે આ બ્રાહ્મણને અહીંથી કાઢી મૂકો.

આખરે માતાને પગે લાગીને નંદિ બ્રાહ્મણ ગાણગાપુર શ્રીનૃસિંહસરસ્વતી પાસે ગયો. મઠમાં જઈ સાષ્ટાંગ દંડવત્ કર્યા ત્યાં જ ગુરુજી બોલ્યા, "દેવીને છોડીને તું અહીં મનુષ્ય પાસે શું કામ આવ્યો?" પોતાના હૃદયની વાત જાણી ગયા તેથી આ પરમાત્મા છે એમ માનીને નંદિએ પાછા સાષ્ટાંગ પ્રણામ કર્યા. નંદિનો ભાવ જોઈને સ્વામીએ સોમનાથ નામના શિષ્યને કહ્યું કે આને સંગમે લઈ જઈ સ્નાન કરાવ. ગુરુના કહ્યા પ્રમાણે સોમનાથે સ્નાન કરાવી, નવાં વસ્ત્રો પહેરાવ્યાં. એની સાથે જ નંદિ બ્રાહ્મણનો કોઢ દૂર થયો. એના મનમાં શરૂઆતમાં શંકા હતી તેથી શરીર ઉપર નાનું ચાઠું રહ્યું હતું પરંતુ એ પણ ગુરુકૃપાથી પછી દૂર થયું.

## ૨૬. વંધ્યા ભેંસ દૂઝવી દેવ! હર્યું દારિદ્ર્ય તેં તતખેવ.

[અર્થ: હે દેવ! તેં વાંઝણી ભેંસને દૂધ દેતી કરી અને તેં તરત જ દારિદ્ર્ય (દળદર) હરી લીધું.]

**શ્રદ્ધા મા પાર્વતી છે, વિશ્વાસ ભગવાન શંકર.**

ભીમા અને અમરજા નદીના સંગમ પાસેના જંગલમાં શ્રીનૃસિંહસરસ્વતી રહેતા હતા અને ગાણગાપુર ગામમાં ભિક્ષા માટે જતા હતા. એક દિવસ સ્વામીશ્રી વેદને જાણનાર એવા બ્રાહ્મણને ઘરે ભિક્ષા માટે ગયા. આ બ્રાહ્મણ અતિ દરિદ્રી હતો. એની પત્ની સુશીલ અને પતિવ્રતા હતી. આ બ્રાહ્મણના ઘરે એક ભેંસ હતી. પરંતુ તે વંધ્યા હતી. કોઈ દિવસ તે વિયાઈ નો'તી કે દૂધ આપતી નો'તી. આ ઘરડી ભેંસના નાકમાં નથ નાખીને એની પાસેથી ભાર ઊંચકાવવાનું કામ કરાવતા હતાં. આ ભેંસને ખેડૂત ભાડેથી લઈ જઈ કામ કરાવે. બ્રાહ્મણ આ ભાડામાંથી જીવનનિર્વાહ કરતો. ગામમાંથી સૂકી ભિક્ષા માગી લાવતો એ વધારામાં.

શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ આ બ્રાહ્મણને ત્યાં જઈ 'ભિક્ષાં દેહિ'ની ટહેલ નાંખી. બ્રાહ્મણ પત્નીએ સ્વામીને આવકારતાં કહ્યું કે 'બાપજી! આપ પધારો. મારા પતિ ગામમાં ભિક્ષા માગવા ગયા છે. એ આવે એટલે થોડી વારમાં જ આપને ભિક્ષા કરાવીશ.' તે દિવસે ભેંસને કોઈ ભાડે લઈ ગયું ન હતું. સ્વામીએ કહ્યું કે ઘરમાં આ ભેંસ છે તો ભિક્ષામાં તેનું દૂધ કેમ નથી આપતી? બ્રાહ્મણ સ્ત્રીએ કહ્યું કે "મહારાજ! આ ભેંસ તો વંધ્યા છે. અમે એની પાસે પાડા જેવું કામ લઈએ છીએ." આવું કહેવા છતાં ગુરુ બોલ્યા કે "તું જૂઠું ના બોલ. મને તું ભિક્ષામાં દૂધ આપ."

**શ્રદ્ધાથી જ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.**

ગુરુ અને સંતવચનમાં વિશ્વાસ રાખી એ બ્રાહ્મણસ્ત્રી લાકડાનું વાસણ લઇ ભેંસ દોહવા બેઠી તો દૂધના બે પાત્ર ભરાયાં. સ્વામીના કહેવા માત્રે વંધ્યા ભેંસ દૂધ આપતી થઇ તે જોઈને બ્રાહ્મણ પત્ની ખૂબ જ રાજી થઇ ગઇ. દૂધની ભિક્ષા લઇ, ઘરમાં અખંડ લક્ષ્મી રહેશે એવું વરદાન આપીને શ્રીનૃસિંહસરસ્વતી સંગમે પહોંચી ગયા. બ્રાહ્મણ ઘરે આવ્યો ત્યારે પત્નીએ બધી વાત કરી. પતિ-પત્ની સંગમે ગયા અને ગુરુની પૂજા આરતી કર્યાં. આમ, શ્રીમંત બ્રાહ્મણના ઘરો છોડીને પવિત્ર પણ ગરીબ બ્રાહ્મણને ત્યાં જઇ સંત લીલા કરી આવ્યા.

## ૨૭. ઝાલર ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.

[અર્થ: એવી રીતે વાલોળ (ઝાલર)નું શાક ખાઈને, પ્રસન્ન થઈને તેં એને સોનાનો ઘડો પ્રેમપૂર્વક આપી દીધો.]

અમરેશ્વર પાસે કૃષ્ણા પંચનદીના સંગમ પર શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી બિરાજતા હતા અને ભિક્ષા માટે અમરાપુર ગામમાં જતા હતા. અમરાપુરમાં એક વેદજ્ઞ અને સાત્ત્વિક બ્રાહ્મણ રહેતો હતો. બ્રાહ્મણ પણ ભિક્ષા માગી લાવી જીવનનિર્વાહ કરતો હતો. એના વાડામાં વાલોળ (પાપડી)ની વેલ હતી. જે દિવસે ભિક્ષા ન મળે તે દિવસે પતિ-પત્ની એ વાલોળ બાફીને ખાઈ લેતાં.

**શ્રદ્ધાની ઉપાસના હૃદયના દૃઢ સંકલ્પથી થવી જોઈએ.**

એક દિવસ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી આ બ્રાહ્મણના ઘરે ભિક્ષા માટે પધાર્યા. બ્રાહ્મણને ખૂબ આનંદ થયો. ગુરુની ષોડશોપચાર પૂજા કરી. ભિક્ષામાં એકલું વાલોળનું શાક મૂક્યું. શ્રીનૃસિંહ સ્વામીએ પ્રેમથી ભિક્ષા લીધી અને કહ્યું કે તારી ભિક્ષાથી હું તૃપ્ત થયો છું. જા આજથી તારું દારિદ્ર્ય ગયું. આમ કહીને જતાં જતાં વાલોળની વેલ મૂળમાંથી ઉખેડીને ફેંકતા ગયા.

બ્રાહ્મણ-પત્નીએ ખૂબ કલ્પાંત કર્યું. જીવનનિર્વાહનો એક મુખ્ય આધાર જતો રહ્યો. બ્રાહ્મણે આશ્વાસન આપ્યું અને ખામણું (ક્યારો) કરવાં મૂળ ઉખેડીને જ્યાં થોડું ખોદ્યું ત્યાં જ સોનામહોરોથી ભરેલો ચરુ જોયો. બ્રાહ્મણ સોનામહોરોથી ભરેલો ઘડો ઘરમાં લઈ ગયો. દંપતીને ખૂબ આનંદ થયો. બંને જણ સ્વામીનાં દર્શને ગયા અને બધી વાત કહી. ગુરુએ કહ્યું, આ વાત કોઈને કહીશ નહિ. આ વાત જાહેર થશે તો તારા ઘરમાં લક્ષ્મી રહેશે નહિ.

## ૨૮. બ્રાહ્મણ-સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર.

[અર્થ: તેં ખરેખર બ્રાહ્મણસ્ત્રીના મરેલા પતિને જીવતો કરી દીધો.]

શ્રીનૃસિંહસરસ્વતી મહારાજ ગાણગાપુરમાં હતા ત્યારની આ લીલા છે. માહુરપુરમાં ગોપીનાથ નામે એક

બ્રાહ્મણ રહેતો હતો. એના ઘરે સંતાન જન્મીને મૃત્યુ પામતાં હતાં. દત્તપ્રભુની આરાધનાથી એક પુત્ર જીવતો રહ્યો. એણે એનું નામ દત્ત પાડ્યું. બાર વર્ષની ઉંમરે સાવિત્રી નામની કન્યા સાથે એનું લગ્ન થયું. સોળ વર્ષની ઉંમરે દત્તને ક્ષય રોગ લાગુ પડ્યો. વૈદ્યની દવા કરવા છતાં રોગ કાબૂ બહાર જતો રહ્યો. જ્યારે વૈદ્યો પણ નિરુપાય થઈ ગયા ત્યારે સાસુ-સસરાની સંમતિ લઈ સાવિત્રી દત્તને પાલખીમાં બેસાડી ગાણગાપુર શ્રીનૃસિંહસરસ્વતી પાસે જવા નીકળી.

દવા કામ ન કરે પણ દુવા તો કામ કરે ને! ગાણગાપુરનો લાંબો રસ્તો કાપતાં દત્તની તબિયત વધુ બગડી અને ગાણગાપુર આવતાં આવતાં તો તે બેહોશ થઈ ગયો. ગુરુમાં શ્રદ્ધા અને ભગવાનમાં વિશ્વાસ રાખી સાવિત્રી સંગમે આવી તો ગુરુજી સ્નાન કરવાં ગયા હતા. અને ગુરુજી આવે એટલામાં તો દત્તનું પ્રાણપંખેરું ઊડી ગયું. સાવિત્રીએ અતિ કલ્પાંત કર્યું. તાપસ વેશમાં શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ આવીને એને જ્ઞાનની ઘણી વાતો કરી. સાવિત્રીની શ્રદ્ધા જોઈને શ્રીનૃસિંહ સ્વામી રીઝ્યા. એમણે કહ્યું કે તું તારા પતિને ગુરુનાં દર્શન કરાવવા લાવી છે તો પતિને આશ્રમ લઈ જા. સાવિત્રી આશ્રમે ગઈ અને ગુરુજીને પગે લાગી એટલે સ્વામીજીએ આશીર્વાદ આપતાં કહ્યું, "અખંડ સૌભાગ્યવતી ભવ." પાછી પગે લાગી

**શ્રદ્ધા બુદ્ધિથી પર હોય છે.**

ત્યારે કહ્યું, "અષ્ટપુત્રા ભવ." લોકોએ કહ્યું કે "બાપજી! આનો પતિ તો મૃત્યુ પામ્યો છે." ગુરુએ પતિનું શબ આણવા કહ્યું. શબ ઉપર તીર્થથી પ્રોક્ષણ કરવા કહ્યું અને જ્યાં અમૃતભરી દૃષ્ટિ ફેંકી ત્યાં જ દત્ત ઊંઘમાંથી બેઠો થતો હોય એમ જીવતો થયો.

એક બ્રાહ્મણે કરેલી શંકાનો જવાબ આપતાં ગુરુજીએ કહ્યું કે એના આવતા જન્મના સો વર્ષના આયુષ્યમાંથી બ્રહ્મા પાસેથી મેં ત્રીસ વર્ષ ઉછીના માગ્યાં છે. એ ત્રીસ વર્ષ આ જન્મે વધુ જીવશે. આવતા જન્મનું આયુષ્ય એટલું ઓછું થશે.

## ૨૯. પિશાચ પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર.

[અર્થ: પિશાચ પીડા દૂર કરીને તેં બ્રાહ્મણના મરેલા પુત્રને ફરી જીવતો કર્યો.]

અમરાપુર પાસે ઉદુંબરે શ્રીનૃસિંહ સ્વામી ગુપ્તરૂપે વસી લીલા કરતા હતા. પ્રગટ દૃષ્ટિથી ગાણગાપુરમાં રહેતા હતા પરંતુ ગુપ્ત રીતે ઉદુંબરે (ઔદુંબર) વસીને લીલા કરતાં હતાં. આ લીલા એ પ્રકારની છે.

શિરોળ નામના ગામમાં ગંગાધર નામે એક બ્રાહ્મણ રહેતો હતો. એની પત્ની શાંત, સુશીલ, ધર્મરત અને પતિવ્રતા

**શ્રદ્ધા વગરનો માણસ કશું જ કરી શકતો નથી.**

હતી. પ્રારબ્ધવશાત્ એના પાંચે પુત્રો મૃત્યુ પામ્યા હતા. આમ થવાનું કારણ સમજાવતાં કર્મવિપાકવિદ્ એક બ્રાહ્મણે એને કહ્યું કે ગયા જન્મમાં તેં શૌનકગોત્રના એક બ્રાહ્મણનું ધન હરી લીધું હતું તેનું આ પરિણામ છે. એનો કોઈ ઉપાય નથી.  જે થાય તે ભોગવ્યે જ છૂટકો.

સ્ત્રીએ પગે પડીને, રડીને, કાલાવાલા કરીને પૂછ્યું ત્યારે બ્રાહ્મણે અનેક ઉપાયો બતાવ્યા. સ્ત્રી પાસે પૈસાની ખેંચ હતી એટલે એને ઔદુંબરે જળસિંચન કરી, ગુરુસ્મરણ કરી,પાદુકાપૂજન કરવા કહ્યું. એ પ્રમાણે કરવાથી ગુરુમહારાજ પ્રસન્ન થયા અને એની કૃપાથી એ સ્ત્રીને બે પુત્રો થયા. બંને પુત્ર મોટા થતાં મોટાને જનોઈ આપવાનું અને નાનાની બાબરી ઉતરાવવાનું નક્કી કર્યું. પરંતુ સમારંભના આગલા દિવસે જ મોટો દીકરો ધનુર્વાતને કારણે મૃત્યુ પામ્યો.  માતાએ અસહ્ય કલ્પાંત કર્યું. ડાઘુઓને શબ પણ ના આપ્યું.

મારા ગુરુમહારાજની કૃપાથી થયેલું સંતાન મરે જ શાનું? સમર્થ એવા ગુરુમાં શ્રદ્ધા રાખવાનો અર્થ શું? ગામના લોકો સમજાવે તો પણ બ્રાહ્મણી સમજે જ નહિ.

ત્યાં એક બ્રહ્મચારી તપસ્વી આવ્યો. એણે જ્ઞાનની ઘણી વાતો કરીને ઘણું ઘણું સમજાવ્યું પરંતુ આ

બ્રાહ્મણ પત્ની તો "મારા ગુરુમહારાજે આપેલું બાળક મરે જ શાનું?" એવી હઠ લઈને બેઠી. એની શ્રદ્ધા અને નિષ્ઠા જોઈને તપસ્વી બ્રહ્મચારીએ કહ્યું કે જો તને ગુરુમાં આટલી નિષ્ઠા અને ભાવના છે તો ત્યાં- ઔદુંબરે જઈ તારો દેહ અર્પણ કર. બ્રાહ્મણ સ્ત્રી છાતી સાથે શબ વળગાડીને ઔદુંબરે ગઈ. ઔદુંબર પાસેની પાદુકા ઉપર જોર જોરથી માથું પછાડી લોહીનો અભિષેક કરવા લાગી. કરુણ કલ્પાંત કરતાં કરતાં બ્રાહ્મણી થાકીને સૂઈ ગઈ. બે દિવસનો ઉજાગરો, સંતાનના મૃત્યુનો શોક અને થાક લાગવાથી તે સૂઈ ગઈ. સ્વપ્નમાં ગુરુમહારાજનાં દર્શન થયાં. ગુરુજીએ સ્વપ્નમાં કહ્યું કે તું શોક કેમ કરે છે? પુત્રના શબ ઉપર ભસ્મ નાખી કહ્યું કે તું એનું મોં ઉઘાડ જેથી હું ફૂંક મારું તેથી તે જીવતો થાય. સ્વપ્નમાંથી જાગીને જોયું તો બાળકનું શબ છાતીએ જ હતું.

એને દૂર મૂકી એ વિચારે ચઢી. પરંતુ ત્યાં તો બાળકના શરીરમાં ગરમી વ્યાપી. ચૈતન્ય આવ્યું અને બાળક ઊઠીને કહેવા લાગ્યો કે "મા! મને ભૂખ લાગી છે. ખાવાનું આપ." પતિ અને પત્ની જીવંત બાળકને લઈ ગામમાં આવ્યાં અને શ્રીનૃસિંહસરસ્વતીનો જય જયકાર કરવા લાગ્યાં. પિશાચપીડા દૂર કરીને બ્રાહ્મણપુત્રને જીવતો કર્યો.

**બુદ્ધિ પંગુ છે જ્યારે શ્રદ્ધા સર્વ સમર્થ છે.**

## ૩૦. હરી વિપ્રમદ અંત્યજ હાથ રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત.

[અર્થ: હે તાત! તેં હરિજન (અંત્યજ) દ્વારા બ્રાહ્મણોનો ગર્વ ઉતારી, ત્રિવિક્રમ નામના ભક્તનું રક્ષણ કર્યું. ]

કુમસી નામના ગામમાં ત્રિવિક્રમ ભારતી નામનો એક સાધુ રહેતો હતો. તે શ્રીનૃસિંહ ભગવાનનો ઉપાસક હતો. ગાણગાપુરમાં શ્રીનૃસિંહસરસ્વતીની લીલા વિશે સાંભળી આ ત્રિવિક્રમ ભારતી એમની ટીકા કરતો હતો પરંતુ અનુભવ થયા બાદ તેમનો અનન્ય ભક્ત થઈ ગયો.

વૈદૂર્યનગર (હાલનું બેડર-બિજાપુર)માં એક મુસલમાન રાજા રાજ્ય કરતો હતો. આ રાજા બ્રાહ્મણનો દ્વેષ કરનારો અને મહાઘાતકી હતો. બ્રાહ્મણો પાસે બળાત્કારે વેદ વંચાવતો. પછી તો પૈસાની લાલચ આપી લાલચુ બ્રાહ્મણો પાસે વેદ વંચાવતો અને હિંદુ ધર્મની નિંદા કરતો.

એક દિવસ આ યવનરાજાના દરબારમાં મંદભાગ્ય અને ઉન્મત્ત એવા વેદ જાણનારા બે બ્રાહ્મણ આવી ચઢ્યા. એ મદોન્મત્ત બ્રાહ્મણોએ કહ્યું કે અમે ત્રણ વેદ જાણનારા ત્રિવેદી છીએ. તારા રાજ્યના વિદ્વાનોને અમારી સાથે વાદ કરવા મોકલ. પરંતુ બ્રાહ્મણોએ રાજાને કહ્યું કે આ ત્રિવેદી-વિપ્રોને હરાવવા અશક્ય છે. રાજાએ એને સન્માન આપ્યું

**શ્રદ્ધા એ જ્ઞાનનો પ્રાણકોશ છે.**

અને હાથી પર બેસાડી રાજ્યમાં ફેરવ્યા. રાજાએ આ વિદ્વાનોને બ્રાહ્મણોના રાજાનું બિરુદ આપ્યું.

અભિમાનમાં છકેલા આ બે બ્રાહ્મણો ફરતાં ફરતાં ત્રિવિક્રમ ભારતી પાસે આવ્યા અને વાદ કરવા જણાવ્યું. વાદ ન કરવો હોય તો અમે જીત્યા છીએ એવું જયપત્ર લખી આપ એમ કહ્યું. ત્રિવિક્રમે ઘણું સમજાવ્યું પણ તેઓ એકના બે ના થયા તેથી ત્રિવિક્રમ ભારતી તેમને શ્રીનૃસિંહસરસ્વતી પાસે લઈ આવ્યો.

શ્રીનૃસિંહસરસ્વતીએ આવો વાદવિવાદ ન કરવાની સલાહ આપી. બ્રહ્મા અનંત વેદ નથી સમજી શક્યા તો તમે ક્યાંથી સમજી શકો? છતાં તેઓ માનવા તૈયાર જ ન હતા. એ સમયે એક હરિજન (અંત્યજ) જતો હતો તેને બોલાવી લાવવા શિષ્યને કહ્યું. શ્રીનૃસિંહસરસ્વતીએ પોતાના દંડ દ્વારા સાત રેખાઓ દોરવાની શિષ્યને આજ્ઞા કરી. અંત્યજ જેમ જેમ એક એક રેખા ઓળંગતો ગયો તેમ તેમ એની જાતિ ઉચ્ચ બતાવતો ગયો અને સાતમી લીટી ઓળંગતા તો "હું ગુરુજી છું અને વેદશાસ્ત્ર જાણું છું" એમ કહેવા લાગ્યો.

ગુરુએ કહ્યું તું વેદશાસ્ત્ર જાણતો હોય તો આ વિદ્વાનો સાથે વાદ કર. એમ કહી એ અંત્યજના મોં પર મંત્રેલી ભસ્મ નાંખી. ભસ્મ નાખતાં જ એની બુદ્ધિ ઝળહળી ઊઠી. મદોન્મત્ત વિપ્રો સાથે વાદવિવાદ કર્યો અને તેમને હરાવ્યા.

**અવિચલ શ્રદ્ધા એ વિજયની પૂર્વશરત છે.**

બ્રાહ્મણોએ ગુરુજીની માફી માગી પરંતુ હવે ઘણું મોડું થઇ ગયું હતું. ગુરુએ કહ્યું કે બાર વર્ષ બ્રહ્મરાક્ષસ તરીકે જંગલમાં ભટક્યા પછી એક બ્રાહ્મણના હાથે તમારી મુક્તિ થશે.

આમ, મદોન્મત્ત વિપ્રનો મદ અંત્યજ દ્વારા દૂર કરીને ભક્ત ત્રિવિક્રમ ભારતીનું રક્ષણ કર્યું.

## ૩૧. નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ.

[અર્થ: તંતુક નામના એક ભક્તને તેં પલવારમાં શ્રીશૈલ પર્વત ઉપર પહોંચાડી દીધો.]

શ્રીનૃસિંહસરસ્વતી સંગમ પર બિરાજમાન હતા ત્યારે તંતુક નામે એક વણકર તેમને નિત્ય પ્રણામ કરવા આવતો અને જાતે આંગણું વાળીઝૂડીને સાફ કરી પાણી છાંટવાની સેવા કરતો હતો.

એ દરમ્યાન શિવરાત્રી આવી. ગામના લોકો દર વર્ષે શ્રીશૈલ પર્વત ઉપર મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શને પગે ચાલીને જતા હતા. એમણે તંતુકને પૂછ્યું કે તારે શ્રીશૈલ આવવું છે? તંતુકે કહ્યું કે શું કામ ટાંટિયા તોડો છો? આ ગુરુમહારાજનું સ્થાન એ શ્રીશૈલ જ છે ને! લોકો ચાલતાં ચાલતાં શૈલ ઉપર ગયા. શિવરાત્રીના દિવસે ગુરુજી સંગમેથી

**શ્રદ્ધા જ્ઞાનયુક્ત અને વિવેકપૂર્ણ હોવી જોઇએ.**

સ્નાન કરીને આવ્યા ત્યાં જ તંતુક પણ આવી પહોંચ્યો અને દંડવત્ પ્રણામ કર્યાં. ગુરુજીએ કહ્યું કે આખું ગામ શ્રીશૈલ ગયું અને તું એકલો જ રહ્યો? તેં શ્રીશૈલનાં દર્શન કર્યાં છે કે નહિ? તંતુકે કહ્યું કે મારા માટે તો અડસઠ તીરથ આપનાં ચરણમાં જ છે.

શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ પ્રસન્ન થઇને કહ્યું કે "તંતુક! મારી પાદુકા પકડ." તંતુકે પાદુકા પકડતાં જ એને નિમેષ માત્રે- પલક માત્રમાં જ શૈલ પર્વત પર મૂકી દીધો. ગુરુજીએ કહ્યું કે તું સ્નાન કરીને ભગવાનની પૂજા કરી આવ. પૂજા કરવા જતાં તેને ગામના લોકો મળ્યા. લોકોએ પૂછ્યું કે તું  ક્યારે આવ્યો? તંતુકે કહ્યું કે બપોરે ગુરુ સાથે સંગમથી નીકળી ઘડીવારમાં અહીં આવી પહોંચ્યો છું. લોકોને થયું એ જૂઠું બોલે છે. શૈલથી ગાણગાપુર પાછા આવી ગુરુજીએ ગામના લોકોને બોલાવવા તંતુકને મોકલ્યો. લોકોએ તંતૂકને પૂછ્યું કે મૂંડન કેમ કરાવ્યું? ત્યારે તંતુકે શૈલગમનની વાત કરી.

શિવરાત્રીની જાત્રાએ ગયેલા ગામના બધા લોકો જયારે ગામમાં પાછા આવ્યા ત્યારે ગામ લોકોની વાત સાંભળી ત્યારે ખાતરી થઇ કે સ્વામીજીએ નિમેષ માત્રમાં તંતુકને શૈલની જાત્રા કરાવી હતી.

**શ્રદ્ધા પથ્થરમાં પરમેશ્વર પ્રગટાવે છે.**

**૩૨. એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુરૂપ અરૂપ.**
**૩૩. સંતોષ્યા નિજ ભક્ત સુજાત આપી પરચાઓ સાક્ષાત્.**

[અર્થ: હે દેવ! આપ અરૂપી હોવા છતાં ઘણા રૂપ ધારણ કરી એકી સાથે આઠ સ્વરૂપ લઈ તમારા ખાનદાન ભક્તોને પરચાઓ આપીને સંતોષ્યા.]

ગાણગાપુરમાં શ્રીનૃસિંહસરસ્વતી રહેતા હતા ત્યારે દિવાળીના દિવસો આવ્યા. સાત ગામના પ્રિય શિષ્યો ગુરુને પોતાને ગામ દિવાળી કરવાનો આગ્રહ કરવા લાગ્યાં. દરેક એમ ઇચ્છે કે પોતાના ગામમાં ગુરુ દિવાળી કરે, એટલે અંદરોઅંદર મીઠો વિવાદ પણ થયો. ગાણગાપુરના ભક્તોએ ગુરુને કહ્યું કે “બાપજી! અહીંથી બીજે ક્યાંય જવાનું નથી.”

ગુરુએ સાતેય શિષ્યોને વારાફરતી બોલાવી કાનમાં કહ્યું કે “હું તારા ગામમાં દિવાળી કરવા આવીશ. પણ આ વાત તું કોઈને કર્યા વિના જતો રહે અને તારા ગામમાં જઈ તૈયારી કર.”

ધનતેરસની સાંજે ગુરુ ગાણગાપુરમાં રહ્યા, પણ બીજાં સાત સ્વરૂપો લઈ અન્ય સાત શિષ્યોના ગામે પણ ગયા અને ત્યાં દિવાળી કરી બધાંને આનંદ કરાવ્યો. આ વાતની કોઈને ખબર પડી નહિ. લાભપાંચમ સુધી ગુરુ બધે રહ્યા હતા.

**શ્રદ્ધા ધર્મનો આત્મા છે.**

કાર્તિક માસની પૂનમે ત્રિપુરોત્સવ નિમિત્તે બધા ભક્તો ગાણગાપુર ભેગા થયા. ગુરુએ એક દોરી પર બધા ગામથી મળેલી ભેટો લટકાવી હતી. જુદા જુદા ગામના ભક્તો આવીને સ્વામીને નમન કરીને કહેવા લાગ્યા કે દશ દિવસ પછી પાછું દર્શન થયું. અંદરોઅંદર ચડભડ થતાં ભક્તોને ખબર પડી કે ગુરુ ગાણગાપુરમાં રહ્યા અને સાથે સાથે અન્ય સાતેય ગામમાં જઈ ગુરુએ દિવાળી કરી. આમ, ભક્તોને પરચાઓ આપીને સંતોષ્યા.

ભક્તોને સંતોષવા માટે શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ એકસાથે આઠ સ્વરૂપ લેવાની લીલા કરી.

## ૩૪. યવનરાજની ટાળી પીડ જાતપાતની તને ન ચીડ.

[અર્થ: તેં મુસલમાન (યવન) રાજાની પીડા દૂર કરી દીધી. તને જાત પાત- ઊંચ નીચની કોઈ ચીડ (સૂગ) નથી.]

શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુએ જે ધોબી(રજક)ને બીજા જન્મે રાજા બનાવવાનું વરદાન આપ્યું હતું તે શ્રીનૃસિંહસરસ્વતીના સમયમાં બેદરપુરનો મુસલમાન રાજા બન્યો હતો. મુસલમાન હોવા છતાં હિંદુ મંદિરમાં ઉપાધિ કરતો ન હતો. કારણ કે પૂર્વજન્મના હિંદુધર્મનાં સંસ્કારો હતા ને!

**શ્રદ્ધા અમૃતતત્ત્વને જાગ્રત કરે છે.**

પ્રારબ્ધવશ આ યવનરાજની જાંઘ પર ફોલ્લો (સ્ફોટક) થયો. ઘણી બધી દવા કરવા છતાં તે સ્ફોટક (ફોલ્લો) ન મટ્યો. એણે બ્રાહ્મણોને આ રોગનો ઉપાય પૂછ્યો. બ્રાહ્મણોએ કહ્યું કે પૂર્વજન્મનું કોઈ કર્મ આ રીતે પીડા આપતું હોય છે. તીર્થયાત્રા કે દેવનું અર્ચન કરવાથી એ શાન્ત થશે અથવા કોઈ સંતનું દર્શન થાય તો એ સંતની કૃપાથી આ રોગ જાય. એવા સંતના દર્શન મને ક્યાં થાય એમ રાજાએ પૂછ્યું. બ્રાહ્મણોએ કહ્યું કે ગાણગાપુરમાં ભીમાતીરે શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી નામે સંત વસે છે. તેમનાં દશન કરો તો રોગ જશે.

રાજા ચતુરંગી સેના લઈ ગાણગાપુર જવા નીકળ્યો. ગામના લોકોને પૂછ્યું કે ગુરુના દર્શન ક્યાં થશે? લોકોએ કહ્યું કે મઠમાં ગુરુજી મધ્યાહ્ને આવશે ત્યારે ત્યાં દર્શન થશે. સંગમથી ગુરુને આવતા જોઈ પગે ચાલીને રાજા ગયો અને વંદન કર્યાં. ત્યાં જ શ્રીનૃસિંહસરસ્વતી સ્વામી બોલ્યા કે કેમ રે ધોબી(રજક), બહુ સમયે મળ્યો? તું હાલ ક્યાં રહે છે? પૂર્વજન્મનું સ્મરણ થતાં ધોબીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. પછી રાજાએ જાંઘ પર થયેલા સ્ફોટક (ફોલ્લા)ના દુ:ખની વાત કરી. ગુરુએ કહ્યું કે, “ક્યાં છે સ્ફોટક (ફોલ્લો)? બતાવ જોઉં?” રાજાએ જાંઘ જોઈ તો ત્યાં ફોલ્લો જ ના મળે. રાજા ખૂબ ખુશ થયો. સ્વામીજીને

પોતાના રાજમહેલમાં લઈ ગયો અને ભવ્ય સ્વાગત કર્યું. સ્વામીજી પણ જાતપાતની ચીડ રાખ્યા વિના એના મહેલમાં ગયા. શ્રીપાદ શ્રીવલ્લભ શ્રીનૃસિંહસરસ્વતી રૂપે અને રજક ચવનરાજા રૂપે જન્મ્યા અને લીલા કરી. જે ગ્રંથના આધારે દત્તબાવનીની રચના થઈ એ શ્રીગુરુચરિત્ર ગ્રંથમાં વર્ણવેલી આ છેલ્લી લીલા હતી.

**૩૫. રામ કૃષ્ણ રૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ.**

[અર્થ: તેં રામ અને કૃષ્ણનો અવતાર ધરીને આવી વિવિધ લીલાઓ કરી છે.]

દત્તપ્રભુ કૃતયુગ (સત્‌યુગ)માં થયા. ભગવાન રામ ત્યાર પછી ત્રેતાયુગમાં થયા અને ભગવાન કૃષ્ણ દ્વાપર યુગમાં થયા. આ રામ અને કૃષ્ણરૂપે દત્તપ્રભુએ જ લીલાઓ કરી છે. આમ રામ અને કૃષ્ણ દત્તથી જુદા નથી.

પૂ.શ્રી દત્તદશકમાં જણાવે છે કે:

દત્ત કહે કોઈ તને રામ કૃષ્ણ વળી કોક,
દિનમણી શિવ શક્ત્યાદિ તું નામ રૂપ સહુ ફોક.

**૩૬. તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ પશુ પંખી પણ તુજને સાધ.**

[અર્થ: તેં પથ્થર, વેશ્યા, શિકારી વગેરેનો ઉદ્ધાર કર્યો છે. પશુ અને પંખી પણ તારા પ્રત્યે સાધુતાવૃત્તિ દર્શાવે છે.]

**નાસ્તિકતા એટલે શ્રદ્ધા વિનાની બૌદ્ધિકતા.**

દત્ત, રામ કે કૃષ્ણ ભગવાન સમક્ષ પશુ કે પંખી પણ સાધુવૃત્તિવાળાં થઈ જતાં. રામચંદ્રે શલ્યા(પથ્થર)ની અહલ્યા કરી. પ્રભુએ ગણિકા (વેશ્યા), શિકારી (વ્યાધ), માતંગ નામનો હાથી (પશુ) અને જટાયુ (પક્ષી) વગેરેનો ઉદ્ધાર કર્યો એ લીલાનું સ્મરણ છે. પશુ-પંખી, શિકારી, ગણિકાને તાર્યાં તો હે ભગવાન! મારી અરજી મંજૂર કરો એવી ભક્તની વિનંતી છે.

## ૩૭. અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?

[અર્થ: તારું નામ સ્મરણ પાપી(અધમ)ને પણ પાવન કરનારું છે. તારા નામનું ગાન કરવાથી કયું કામ પાર ન પડે?]

ભગવાનનું નામ અધમનો પણ ઉદ્ધાર કરે છે. ગીતામાં ભગવાને કહ્યું કે જો સુદુરાચારી પણ મારું નામ લે તો હું તેને તારું છું. આ વાતનો પૂ.શ્રીએ દત્તનામસંકીર્તનમાં આ રીતે ઉલ્લેખ કર્યો છે:

નો પાપં વિદ્યતે લોકે નામ્ના યન્નૈવ ઉહ્યતે ।
અપિ ચેત્સુદુરાચારો વૃથોક્તં કિં નુ શાંર્ગિણામ્ ।।

ભગવાનના ગુણગાન ગાવાથી કયું કામ ના થાય? એટલે કે ભગવાનનું નામ ગાવાથી બધાં જ કામ સફળ

થાય છે. નામસ્મરણનો મહિમા એવો છે કે તે અધમનો ઉદ્ધાર કરે છે અને માનવીનાં બધાં જ કાર્યો પાર પાડે છે.

## ૩૮. આધિ-વ્યાધિ-ઉપાધિ સર્વ, ટળે સ્મરણ માત્રથી શર્વ.

[અર્થ: હે શંકર! તારું માત્ર સ્મરણ કરવાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ બધું દૂર થાય છે.]

હવે પૂ.શ્રી ફળાદેશ જણાવે છે. આ સ્તોત્રનું ફળ શું? ભગવાન શંકર (શર્વ)ના સ્મરણથી આધિ-વ્યાધિ-ઉપાધિ બધું ટળી જાય છે. તન-મનની વ્યાધિ દૂર થાય છે.

## ૩૯. મૂઠ ચોટ ના લાગે જાણ પામે નર સ્મરણે નિર્વાણ

[અર્થ: તારું સ્મરણ કરવાથી મૂઠ ચોટ લાગતા નથી અને માનવી મોક્ષને પામે છે.]

ભગવાનના નામ સ્મરણથી અને આ સ્તોત્રના પાઠથી વ્યક્તિને મૂઠ-ચોટ નહિ લાગે અને તે નિર્વાણ પામશે, તેનો મોક્ષ થશે. દત્તબાવનીના સ્મરણથી- ગાવાથી ભૂત-પિશાચ બાધા નડતી નથી.

**૪૦. ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર**
**૪૧. નાસે મૂઠી દઈને તૂર્ત દત્તધૂન સાંભળતાં મૂર્ત.**

[અર્થ: આ દત્ત નામની લેહ લાગતાં- દત્તબાવની ગાતાં ડાકણ, શાકણ, ભેંસાસુર, ભૂત, પિશાચ, જંદ અને અસુર તરત જ મૂઠી દઈને ભાગી જાય છે એવો અનુભવ થાય છે.]

દત્તબાવનીનું આ સ્તોત્ર મોંટેથી ગાતાં પિશાચ તત્ત્વ-મલિન તત્ત્વ એવાં ડાકણ, શાકણ, ભેંસાસુર, ભૂત, પિશાચ વગેરે મૂઠી વાળીને નાસી જાય છે. આ પંક્તિ દ્વારા મલિન તત્ત્વ ઉપર બાવની કેવી અસરકારક છે તે વર્ણવી બાવનીનો મહિમા ગાયો છે. દત્તબાવનીની લેહ લાગતાં આવા મલિન તત્ત્વ ભાગી જતાં અનુભવાય છે.

**૪૨. કરી ધૂપ ગાયે જે એમ દત્તબાવની આ સપ્રેમ.**

[અર્થ: જે કોઇ ધૂપ કરીને આ દત્તબાવની પ્રેમપૂર્વક ગાય છે.]

આ પંક્તિ વિધિ દર્શાવે છે. દત્તબાવનીનું સ્તોત્ર પ્રેમપૂર્વક (સપ્રેમ) ગાવું જોઇએ અને ધૂપ કરીને (અથવા ધૂપસળી કરીને) દત્તબાવની ગાવી જોઇએ. ધૂપથી વાતાવરણ સુંદર બને છે. મચ્છર-માખી જતાં રહે છે.

**શ્રદ્ધાની અદ્ભુત શક્તિ અશક્યને શક્ય બનાવે છે.**

**૪૩. સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક.**
**૪૪. દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર તેનાં જાય!!**

[અર્થ: તેનાં આ લોક અને પરલોક એમ બંને લોક સુધરે છે. તેને ક્યાંય પણ શોક રહેતો નથી. સિદ્ધિ તેની દાસી થાય છે અને તેના દુઃખ અને દારિદ્રય ટળી જાય છે.]

ધૂપ કરીને પ્રેમથી દત્તબાવની ગાવાથી ગાનારનો આ લોક અને પરલોક સુધરે છે અને તેને ક્યાંય શોક રહેતો નથી. સિદ્ધિ તેની દાસી થાય છે અને દુઃખ તેમજ દારિદ્ર દૂર થાય છે. આમ તન, મન અને ધન બધી રીતે સુખી થાય છે. દત્તબાવનીની આ ફલશ્રુતિ છે.

**૪૫. બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ.**
**૪૬. યથાવકાશે નિત્ય નિયમ તેને કદી ન દંડે યમ.**

[અર્થ: જે કોઇ બાવન ગુરુવારે નિયમપૂર્વક હંમેશા દત્તબાવનીના બાવન પાઠ પ્રેમપૂર્વક કરે છે અથવા સમય મળે ત્યારે હંમેશા નિયમાનુસાર પાઠ કરે છે તેને કોઈ દિવસ યમરાજા શિક્ષા કરતો નથી.]

અહીં વિધિવિધાનનું સૂચન છે. દરેક ગુરુવારે (એટલે કે વર્ષના બાવન ગુરુવારે) નિયમ તરીકે બાવન વાર દત્તબાવની ગાવાથી તેમજ સમય પ્રમાણે નિત્ય નિયમથી બાવની કરવાથી મૃત્યુનો ભય રહેતો નથી. તેને યમરાજા

**શ્રદ્ધા વિના કલાનું રહસ્ય સમજવું શક્ય નથી.**

કદી પણ શિક્ષા કરતો નથી. આમ ગુરુવારે બાવન વાર દત્તબાવનીના પાઠ કરવાથી અને બાકીના દિવસોએ નિયમાનુસાર પાઠ કરવાથી મરણનો ભય દૂર થાય છે. એને યમરાજા શિક્ષા કરતો નથી.

## ૪૭. અનેકરૂપે એ જ અભંગ ભજતાં નડે ન માયા-રંગ.

[અર્થ: અનેકરૂપ હોવા છતાં એના મૂળ સ્વરૂપમાં કોઇ ફેર પડતો નથી. એને ભજવાથી માયાનો રંગ નડતો નથી. (માયા ત્રાસ આપતી નથી.)]

વિવિધ નામ અને રૂપ હોવા છતાં પરમ તત્ત્વ તો એક જ રહે છે, એ અભંગ રહે છે અને આવું સમજીને ભજવાથી ભજનારને માયાનો રંગ નડતો નથી. માયા ભેદ ઊભો કરે છે જ્યારે અભેદ-અભંગની સમજ માયાને દૂર કરે છે.

“ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે” એવું પૂ.શ્રી પ્રભાતિયામાં કહે જ છે. એક ભજનમાં પૂ.શ્રી ગાય છે કે:

“નામ હજારો, નામી એક!
રૂપ કરોડો રૂપી એક!
સઘળે એહજ રંગ નિહાળ,
બીજો ઝઘડો વ્યર્થ અસાર,
અંધાને રવિનો શો ખ્યાલ?”

**પરિશ્રમના વૃક્ષને શ્રદ્ધાનું પાણી પાઓ ત્યારે ફળ આપે.**

## ૪૮. સહસ્ર નામે નામી એક દત્ત દિગંબર અસંગ છેક.

[અર્થ: હજારો નામ હોવા છતાં એ નામી દિગંબર દત્ત તો એક જ છે અને છેક અસંગ (નિર્લેપ) છે.]

હજારો નામ હોવા છતાં નામી તો એક જ રહે છે. કોઈ વાસુદેવ કહે, કોઈ કૃષ્ણ કહે, કોઈ યદુનંદન કહે કે દેવકીનંદન કહે પરંતુ તેનાથી ભગવાન કૃષ્ણ તો એના એ જ રહે છે. આમ પરમતત્ત્વ બ્રહ્મ નામરૂપથી તો અસંગ રહે છે. આમ ભગવાન દત્ત એ પરબ્રહ્મ છે એવું પૂ.શ્રી કહે છે. પૂ.શ્રી રચિત દત્તપ્રણતિના શ્લોકોમાં પણ દત્ત ભગવાન પરબ્રહ્મ છે એવી ઉપાસના છે.

## ૪૯. વંદુ તુજને વારંવાર વેદ શ્વાસ તારા નિર્ધાર.

[અર્થ: હું તને વારંવાર વંદન કરું છું. ખરેખર ! આ વેદો તારા શ્વાસમાંથી પ્રગટ થયા છે.]

વેદ (નિગમ) અને શાસ્ત્ર (આગમ) બ્રહ્મના ઉચ્છ્વાસમાંથી નીકળ્યાં છે. આવા બ્રહ્મસ્વરૂપ દત્તપ્રભુને વારંવાર વંદન કરવાનાં છે. દત્તપ્રણતિમાં પૂ.શ્રી લખે છે:

યન્નિશ્વસિતં શાસ્ત્રમખણ્ડમ્ નિગમાદિ
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોऽસ્મિ ।

**શ્રદ્ધા એ માનવજીવનની ઉત્તમ મૂડી છે.**

**૫૦. થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ?**

[અર્થ: જ્યાં વર્ણન કરતાં શેષ ભગવાન પણ થાકી જાય ત્યાં જેણે અનેક જન્મો લીધા છે એવા મારા જેવા રાંકનું તો શું ગજું?]

આ પરબ્રહ્મનું વર્ણન હજાર ફણાવાળો શેષનાગ પણ કરી શકતો નથી એટલે કે જ્યાં શેષ ભગવાન પણ વર્ણન કરવામાં અસમર્થ નિવડે છે તો પછી અનેક વેશ ધારણ કરી ચૂકેલાં (અનેક જન્મો લઈ ચૂકેલાં) મારા જેવા રાંકનું શું ગજું?

**૫૧. અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર સૂણી હસે તે ખાશે માર.**

[અર્થ: અનુભવના પરિપાકરૂપ આ વાણીને જે હસી નાંખશે તે માયાનો માર ખાશે.]

આ પંક્તિમાં સ્તોત્રનું મહત્ત્વ જણાવ્યું છે અને એનો લાભ નહિ લેનારને ચીમકી પણ આપવામાં આવી છે. માણસ પેટ ભરીને જમે એટલે એને ઓડકાર આવે છે. આ ઓડકાર પ્રયત્ન વિના આવે છે, એને પ્રયત્નપૂર્વક લાવવાનો હોતો નથી. માણસ જમીને તૃપ્ત થયો છે તેની નિશાની ઓડકાર છે.એ જ રીતે આ સ્તોત્ર પૂ.શ્રીની તપશ્ચર્યાને કારણે થયેલા અનુભવને આધારે રચાયું છે. આ દિવ્યાતિદિવ્ય સ્તોત્ર છે અને એની પાછળ પૂ.શ્રીની તપશ્ચર્યા રહેલી છે જે અચૂક ફળ આપનાર નીવડશે.

આવા દિવ્યાતિદિવ્ય સ્તોત્રનો જે કોઈ લાભ ના લે અથવા સ્તોત્રની મશ્કરી કરશે તે માર ખાશે. અહીં માર ખાશેનો ભાવાર્થ લેવાનો છે, સ્થૂળ શબ્દાર્થ નહિ. આવા સ્તોત્રનો લાભ ઉઠાવી તન, મન અને ધનથી સુખી થવાનો રસ્તો વ્યક્તિ છોડી દે તો એવી કુમતિ-દુર્બુદ્ધિ એ એક પ્રકારનો માર છે. ભગવાન કૃપા કરે ત્યારે સદ્બુદ્ધિ આપે અને જ્યારે ભગવાન માર મારે ત્યારે માણસની બુદ્ધિ બગાડે અને પરિણામે આવા સ્તોત્રનો લાભ ના ઉઠાવી શકે.

## ૫૨. તપસી! તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ!!

[અર્થ: હે તપસી! એ દેવ તે (તત્) તું (ત્વમ્) છે (અસિ). બધા શ્રીગુરુદેવની જય જય બોલો. (જય જયકાર કરો.)]

સંકટવિમોચન સ્તોત્રના અંતે પોતાના પરમ મિત્ર અને પરમ સેવક અને પરમ ભક્ત અમૃતલાલ મોદીને-તપસીને સંબોધન કરીને કહે છે કે હે તપસી! એ દેવ તે (તત્ ) તું (ત્વમ્ ) છે (અસિ). તત્ (બ્રહ્મ) ત્વમ્ (જીવ-તું) અસિ (છે). આમ જીવ પોતે બ્રહ્મ જ છે એવું સમજીને ગુરુજીની જય જય બોલો. ગુરુ એ પણ દેવ જ છે. તત્ત્વમસિ એ સામવેદનું મહાવાક્ય છે. આ મહાવાક્ય બોધાત્મક છે.

**વિશ્વાસ જીવન છે, સંશય મૃત્યુ છે.**

ગુરુ શિષ્યને ઉપદેશ આપતા કહે છે કે તું (ત્વમ્) પરબ્રહ્મ (તત્ ) છે (અસિ).

પ.પૂ.વાસુદેવાનંદસરસ્વતી સ્વામીમહારાજે આપેલી ધૂનમાં દિગંબરા શબ્દ ત્રણ વાર આવે છે. "દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા." કોઈ વાત ત્રણ વાર કહેવાથી તે સત્ય બને છે.આમ ત્રિવાર સત્ય અનુસાર પૂ.શ્રીએ શરૂઆતમાં એક વાર અને અંતે બે વાર જય શબ્દનો ઉપયોગ કરીને ત્રણ વાર જયનો ઉપયોગ કર્યો છે એ સ્તોત્રની વિશેષતા છે.

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

◈

# દત્તબાવનીનો અર્થ: સૂક્ષ્મદષ્ટિથી

દત્તબાવની એ સંકટ વિમોચન સ્તોત્ર છે. સરખેજના રંગભક્ત મુ.શ્રી કમળાશંકરભાઈની ધર્મપત્ની સૌ. ધનલક્ષ્મીબેનની પિશાચપીડા દૂર કરવાના હેતુથી પૂ.શ્રીએ આ સ્તોત્ર રચ્યું છે. હનુમાન ચાલીસાના સ્મરણથી આ સ્તોત્ર રચાયું. શ્રીગુરુચરિત્રમાં વર્ણવેલી લીલાનો આ સ્તોત્રમાં ટૂંક સાર છે. આ સ્તોત્ર રંગ પરિવારમાં એટમબોમ તરીકેનું કામ કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ હરી લેનારું આ સ્તોત્ર સામાન્ય ભક્ત માટે આશીર્વાદરૂપ છે.

પરંતુ દેવપુરુષે રચેલા સ્તોત્રનો સૂક્ષ્મદષ્ટિથી પણ વિચાર કરવો જોઈએ. સાધકે પોતાની આત્મિક ઉન્નતિ માટે આ સ્તોત્રના અર્થનો વિચાર કરવો જોઈએ. સ્થૂળ-ભૌતિક લાભ તો થશે જ પરંતુ સૂક્ષ્મ-આધ્યાત્મિક લાભ પણ મળે એમ હોવાથી સ્તોત્રનો એ રીતે વિચાર કરવો જોઈએ. અહીં આવો વિચાર કરવાનો નમ્ર પ્રયાસ થયો છે. દોષ પ્રત્યે ધ્યાન દોરવા વિનંતી છે.

- સંકટ વિમોચન સ્તોત્ર એટલે સંકટમાંથી છોડાવનારું- મુક્ત કરાવનારું સ્તોત્ર. મોટામાં મોટું સંકટ છે: જન્મ મરણનું ચક્ર. વારે વારે જન્મવું અને વારે વારે મરવું એ મોટામાં મોટું સંકટ છે. એમાંથી દત્તબાવની છોડાવે

**વિશ્વાસની શક્તિ રેતીને ખાંડમાં ફેરવી શકે છે.**

એવી ભાવનાથી એના પાઠ કરી શકાય. ઘણા કદાચ કરતાં પણ હશે.

- અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.

જગકારણનો સ્થૂળ અર્થ છે જગતને માટે. તું અત્રિ અને અનસૂયાને નિમિત્ત કરીને જગતને માટે ખરેખર પ્રગટ્યો એવો સાદો સીધો અર્થ કરી શકાય પરંતુ જગકારણનો સૂક્ષ્મ અર્થ છે: જે જગતનું કારણ છે, જેમાંથી જગત જન્મે છે તે પરબ્રહ્મ પોતે અત્રિ તથા અનસૂયાને નિમિત્ત કરીને ખરેખર પ્રગટ્યો છે. આમ દત્ત ભગવાન સ્વયં પરમાત્મા છે, પરબ્રહ્મ છે એવા ભાવથી આ લીટી ગાવી રહી.

- બ્રહ્માહરિહરનો અવતાર શરણાગતનો તારણહાર.

દત્ત ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો અવતાર- Three in one- છે. અને શરણે આવેલાનો તારણહાર છે. આમાં શરણભાવ જગાવવાની ઈચ્છા અને મહેનત કરવાની છે. ભગવાન જે કરશે તે બધું બરાબર જ કરશે અને એ બધી ચિંતા એને છે. મારે તો એને શરણે રહેવાનું છે. જેમ માછલી પાણી વિના રહી શકતી નથી તેમ ભક્ત પણ ભગવાન વિના જીવી શકતો ન હોય એવી સ્થિતિમાં તરી જવાનું ખૂબ સહેલું અને સરળ બને છે. મારી ઈચ્છા પ્રમાણે

**વિશ્વાસનો અભાવ એ જ અવસાન છે.**

થવું જોઇએ એ ભાવ જતો રહે. પોતાની ઇચ્છાને- પોતાની વૃત્તિને- ભગવાનની ઇચ્છામાં ભેળવી આનંદપૂર્વક નિમિત્ત બનીને જીવવું એ જ સાચો શરણભાવ છે. 'રામ રાખે તેમ રહીએ, ઓધવજી! રામ રાખે તેમ રહીએ'માં શરણભાવ છે.

- અંતર્યામી સચ્ચિત્સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.

સુંદર મોં અને બે હાથવાળો બહાર દેખી શકાય એવો સદ્ગુરુ એ અંતરમાં રહેલું સત્ , ચિત્ અને આનંદ (સુખ)નું વ્યક્તરૂપ છે. આમ સદ્ગુરુ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે એ ભાવ સાથે ઉપાસના કરવાની છે. આવી નિષ્ઠા હોય તો સદ્ગુરુ બદલતા રહેવાની વૃત્તિ-પ્રવૃત્તિ થશે નહિ.

- સૂણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્, દીધી રિદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.

All well that ends well. જેનો અંત સારો તેનું બધું જ સારું. દત્તપ્રભુ ભુક્તિ અને મુક્તિ બંને આપનાર છે. રિદ્ધિ અને સિદ્ધિ મેળવ્યા પછી પણ અર્જુનને જીવનમાં કંઇ ખૂટે છે એવું લાગ્યું અને પરિણામે દત્તપ્રભુ પાસે બીજી વાર ગયો અને અંતે મુક્તિને પામ્યો, જન્મમરણનો ફેરો ટળી ગયો. ભૌતિક સુખ પ્રેય છે, ગમે છે જ્યારે મુક્તિ એ શ્રેય છે, કલ્યાણ કરે છે. આવે એને (જન્મે તેને) એક સલામ, જાય તેને (મૃત્યુ

પામે તેને) સો સલામ અને ન આવે (મુક્તિ પામે) તેને હજાર સલામ એવું તો બધાએ વાંચ્યું જ હશે.

• જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ. વિસ્તારી માયા દિતિસુત ઇંદ્ર કરે હણાવ્યો તૂર્ત.

દેવ-દાનવ વચ્ચે સતત યુદ્ધ ચાલતું જ રહે છે. જંભ રાક્ષસ એ મોહનું પ્રતિક છે. મોહનો નાશ, મોહનો ક્ષય એટલે જ મોક્ષ એવી સાદી વ્યાખ્યા પણ થતી હોય છે. ઇંદ્ર એ ઇંદ્રિયસુખનું પ્રતિક છે અને એને મોહ સતાવે એ સ્વાભાવિક છે. આવા સમયે જ્ઞાનાવતાર શ્રી દત્તનું શરણું લેવું છે. જ્ઞાન દ્વારા મોહનો નાશ કરવાનો છે. જ્ઞાન થવાથી કામના નાશ પામે છે અને મોહનો નાશ થાય છે.

આપણે દત્તબાવનીના પાઠ દ્વારા ભૌતિકસુખો માગીને મોહપાશમાં સપડાવવાનું નથી.

• દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ.

ભગવાનનું કામ, ગુરુનું કામ, ઉપાસનાનું ધ્યેય વ્યક્તિને નિષ્કામ બનાવવાનું છે. શરૂ શરૂમાં અણસમજને કારણે કે ઓછી સમજને કારણે વ્યક્તિને એવું લાગે કે પુત્ર તો હોવો જ જોઇએ. ગુરુ એની ઇચ્છા સંતોષે પણ ખરા પરંતુ પછી એવી પરિસ્થિતિ ઊભી થાય કે જે દ્વારા એને સાચી સમજ આવે અને પુત્રમાં બધું સુખ છે એવું માનતો બંધ થઇ જાય.

ધ્રુવજી રાજ્ય મેળવવા માટે જંગલમાં ગયા પરંતુ તપ કરતાં કરતાં એ નિષ્કામ થયા અને ભગવાને દર્શન આપ્યા ત્યારે એમના મનમાં રાજ્ય માટે મોહ રહ્યો નહિ અને એણે રાજ્ય માગ્યું નહિ. ધ્રુવજી ભગવાનની "યોડન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તા" શબ્દો દ્વારા કરેલી સ્તુતિ હજી આજે પણ શ્રેષ્ઠ સ્તુતિ ગણાય છે.

હરિકૃપા તબ જાનિયો જબ દે મનુજ અવતાર,<br>ગુરુકૃપા તબ જાનિયો જબ છોડાવે સંસાર.

સંસારના સુખ- ભૌતિક સુખનો મોહ જાય તો સાચી ગુરુકૃપા થઇ ગણાય. સાંસારિક સુખ મેળવવાથી તો વ્યક્તિ જન્મમરણના ચક્કરમાં વધુ સપડાય છે.

- જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.

'પ્રેમ' સંબંધ એ જ સાચો સંબંધ છે. "સબસે ઊંચી પ્રેમ સગાઇ" એ મીરાંનું પદ હૃદયમાં પ્રેમભાવ પ્રગટાવવાનું જ સૂચવે છે. ભગવાન ભક્તના ભાવને આધીન છે. ભક્તના પ્રેમ આગળ ભગવાન પરવશ થઇ જાય છે. પણ સાચા પ્રેમી માગતા નથી હોતા, ત્યાગતા હોય છે. બ્રાહ્મણ સ્ત્રીનો સ્નેહ જોઇને એના કહ્યા વિના ભગવાને પુત્ર તરીકે અવતાર લીધો. પ્રેમ જ ભગવાન છે- Love is God -એવું બોલવું સહેલું છે, આચરવું અઘરું છે, અશક્ય નથી.

**વિશ્વાસ પ્રેમની પહેલી સીડી છે.**

આપણે પણ પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમભાવ પ્રગટાવી જીવીએ તો ભગવાન આપણી દીકરાની માફક કાળજી રાખશે. ભગવાન આવા ભક્તની ફિકરમાં હંમેશાં ફર્યા કરે છે.

- પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.

પેટની પીડાથી બ્રાહ્મણને ઉગાર્યો એ લીલામાં સંતની શક્તિનો- સંકલ્પબળનો પરચો છે. જે અન્ન દુશ્મન બન્યું હતું તે જ અન્નને દોસ્ત બનાવી દીધો. શુભ સંકલ્પબળે નૃસિંહ સરસ્વતી સ્વામીમહારાજે જેનાથી દર્દ થતું હતું તે જ વાનગી ખવડાવી એ દર્દને ભગાડી દીધું.

શુભ સંકલ્પબળ આપણે પણ મેળવવું જોઈએ. પ.પૂ. રંગ અવધૂતજી આને જ કામધેનુ કહે છે. દત્તબાવનીના પાઠ દ્વારા હૃદયને નિર્મળ કરીએ અને શુભ સંકલ્પોનું બળ પ્રાપ્ત કરીએ તો પછી પોતાના અને બીજાના દુઃખો નાશ પામે.

સતત નામસ્મરણ આવી પરિસ્થિતિમાં જન્માવાનો અકસીર ઈલાજ છે. જગત એ મન દ્વારા જ પ્રગટતું હોય છે. આ મનને શુદ્ધ કરવામાં અને રાખવામાં સતત નામસ્મરણ એ સચોટ ઉપાય છે અને તેથી જ આપણા બાપજીએ ‘શ્વાસે શ્વાસે દત્તનામસ્મરાત્મન્’ સૂત્ર આપ્યું છે. વલ્લભેશ નામના

**શ્રદ્ધા અને વિશ્વાસ જીવન નાવના બે હલેસા છે.**

બ્રાહ્મણની ગુરુનિષ્ઠાના પ્રતાપે સ્થૂળ દેહ છોડી દીધા પછી પણ શ્રીપાદ્‌વલ્લભ પ્રભુએ એનું રક્ષણ કર્યું. દિવ્ય શક્તિ ધરાવતા સંતો શરીર છોડ્યા પછી પણ એમનું લીલા કાર્ય કર્યે જ જતા હોય છે. શરીર છોડી દીધા પછી તો એ સર્વવ્યાપક થઈ જતા હોય છે.

કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.

(ગુ.લી. અ. ૧૨૨/ દો. ૧૨૨)

'આનેકી દેર નહિ હૈ, પુકારને કી દેર હૈ' એ ન્યાયે ભક્તે પોતાનું અનુસંધાન પરમતત્ત્વ સાથે ટકાવી રાખવાનું હોય છે. પરમતત્ત્વ તો સદાયે તૈયાર જ હોય છે. દત્તબાવની સ્તોત્રના પાઠ દ્વારા આવું અનુસંધાન કેળવી શકાય છે.

- શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર, થયો કેમ ઉદાસીન અત્ર?

નરહરિ નામના ભકતનો કોઢ દૂર કરવા માટે નૃસિંહ સરસ્વતી સ્વામીએ ચાર વર્ષ જૂનું ઔદુંબરનું લાકડું નદીકિનારે રોપી એના પર જળનો અભિષેક કરવાનું કહ્યું અને કહ્યું કે એના પર જે દિવસે પાંદડાં ફૂટશે તે દિવસે તારો કોઢ જશે.

**મન એ બંધનનું અને મુક્તિનું બંનેનું કારણ છે.**

હવે લાકડું મૂળ વગરનું હતું. ચાર વર્ષ જૂનું હતું. એને પાંદડાં ફૂટે જ નહિ. આમ છતાં ગુરુવચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખી ગુરુની આજ્ઞા મુજબ જીવન વ્યવહાર ગોઠવ્યો. ઘણા બ્રાહ્મણોએ નરહરિને ચળાવવા પ્રયત્નો કર્યા પણ તે તો અનન્ય નિષ્ઠા અને શરણભાવથી જીવતો હતો. એની નિષ્ઠા અને ભાવનાથી ગુરુમહારાજ પ્રસન્ન થયાં. કમંડલુમાંથી જળ લીધું અને લાકડા ઉપર છાંટ્યું ત્યાં જ પાંદડાં ફૂટ્યાં.

'શ્રદ્ધા ફલતિ સર્વત્ર ન ચ મંત્ર ન ચ?' એ સૂત્રાનુસાર આપણી પણ આપણા ગુરુમહારાજમાં આવી નિષ્ઠા હોવી જોઈએ, આવો શરણભાવ હોવો જોઈએ. દત્તબાવનીના પાઠો આવાં શ્રદ્ધા, નિષ્ઠા ને શરણભાવ જગવવામાં મદદરૂપ બને છે.

અશક્યને પણ શક્ય બનાવવાની દિવ્ય શક્તિ સાચા સંતમાં હોય છે.

- વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ.

શ્રીમન્નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજની કૃપાદષ્ટિથી ઘરડી અને કદી ન વિયાયેલી ભેંસે બે ઘડા ભરીને દૂધ આપ્યું. અશક્યને શક્ય બનાવવાની દિવ્ય શક્તિ સંતોમાં રહેલી છે. કુદરત પણ સંતો બોલે તેને અનુકૂળ થઈને વર્તે છે. ધર્મજમાં પૂ. રંગ અવધૂત બાપજીએ સહેજ હાથ

ઊંચો કર્યો અને વાવાઝોડું શમી ગયું હતું તે આપણે જાણીએ છીએ.

સંતો એ સમાજ માટે પ્રેરણાદાયી સ્ત્રોત છે. જે તદ્દન નકામી જણાય એવી વ્યક્તિને પણ તે ઉપયોગી બનાવી દે છે. માણસને ઓળખવાની, એનામાં રહેલી શક્તિને પરખવાની અને એ શક્તિને સમાજ ઉપયોગી કાર્યમાં વાળવાની સંતોને સૂઝ અને સમજ હોય છે અને એ અંગે સામી વ્યક્તિને પ્રેરણા પૂરી પાડે છે. આવું પ્રેરણાસ્ત્રોત પ્રયત્ન કરીએ તો આપણે પણ બની શકીએ. જીવનમાં સદ્‌ગુણોનું પ્રગટીકરણ થાય તો આ બધું જરૂર શક્ય બને.

- ઝાલર ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.

બ્રાહ્મણને ત્યાં ભિક્ષા લીધા પછી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજે ઝાલરનો વેલો ઉખેડી નાંખ્યો. આ વેલ ઉપર એનું ગુજરાન ચાલતું હતું. બ્રાહ્મણ પત્નીને અતિશય દુ:ખ થયું પરંતુ વેલ પાછી રોપવા માટે ખામણું કરવા જતાં સોનામહોરથી ભરેલો ઘડો મળ્યો. આપણે પણ ભૌતિક સુખની ઈચ્છામાં જે દોડધામ કરીએ છીએ તે ઝાલરની વેલ જેવી છે. દુન્યવી પ્રવૃત્તિમાંથી આપણી વૃત્તિને પ્રભુ પ્રત્યે વાળીને આપણને આત્માને ઓળખવા પ્રેરે છે અને આત્મધનરૂપી સોનાનો ઘડો આપે છે.

**અભ્યાસ અને વૈરાગ્યથી મન પર કાબૂ મેળવી શકાય.**

દુન્યવી સુખ જાય ત્યારે દુઃખ થાય એ સ્વાભાવિક છે પણ અંતે જ્યારે આત્મસાક્ષાત્કાર થાય, સોનામહોરથી ભરેલો ઘડો મળે ત્યારે આનંદ આનંદ થાય છે.

સ્વામી બ્રહ્માનંદના ભજનની બે લીટી રજૂ કરવી યોગ્ય ગણાશે.

સંત પરમ હિતકારી જગતમાંહિ સંત. ...
પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ
ભરમ મીટાવત ભારી. ...જગત.

આમ સંત પ્રભુ પ્રત્યે પ્રેમ જગાડી ભ્રમને દૂર કરે છે.

• બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર કીધો સજીવન તેં નિરધાર.

મરેલાને જીવતો કરવો એટલે મડદામાં પ્રાણનો સંચાર કરવો એ વાત તો ખરી જ. એવી લીલા થઈ પણ હશે પરંતુ જે મરેલાને જેવું જીવતો હોય તેને થનગનતો કરવો એવો અર્થ પણ વિચારવો રહ્યો. આજે ઘણા યુવાનો હતાશા અને નિરાશામાં એવું જીવન જીવે છે જે ચિંતાજનક છે. ગામડામાં રહેતા બ્રાહ્મણોના બાળકોનું જીવન બ્રહ્મને ધબકાવનારું દેખાતું નથી. આવી વ્યક્તિની વચ્ચે જવું, રહેવું, માર્ગદર્શન આપવું અને તેમને સાચી દિશામાં વાળી એના જીવનને મહેંકાવવું એ કામ જે કરે તે નવજીવન આપે છે એમ કહેવાય.

**વ્યગ્ર મન આપત્તિ. એકાગ્ર મન આશીર્વાદ.**

'ભરા મુરદોમેં પ્રાન' એ આનું નામ. દત્તબાવનીનો પાઠ કરનાર તો ચૈતન્યનો ફુવારો બને અને બીજાને બનાવે.

- હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!

ધર્મની રક્ષા બ્રાહ્મણે કરવાની છે, એ બ્રાહ્મણ જ અભિમાનમાં ડૂબી જાય અને ધર્મથી વિપરીત રીતે વર્તે ત્યારે ધર્મનું અનુસરણ કરનારા લોકોનું- ભક્તોનું- રક્ષણ કરવાની જવાબદારી સંતોની- સજ્જનોની- મોટા લોકોની છે. જે ગુનો ભિષ્મ અને દ્રોણે કર્યો તે ગુનો વારે વારે થયા કરશે તો ધર્મની ગ્લાની થતી રહેશે. સાચું કરવું અને ખોટું થતું હોય તેને રોકવું આ બંને વસ્તુ જરૂરી છે. દત્તબાવનીના પાઠો કરનારે પોતાનું જીવન સદાચારયુક્ત રાખવાનું રહે છે અને બીજાને એ પ્રમાણે જીવવાની પ્રેરણા, માર્ગદર્શન અને સૂચન-સૂચના કરવાના રહેશે. સજ્જનોની નિષ્ક્રિયતા એ પણ એક પ્રકારનો ગુનો છે.

- નિમેષમાત્રે તંતુક એક પહોંચાડ્યો શ્રીશૈલે દેખ.

તંતુક અભણ છે અને વણકર જ્ઞાતિમાં જન્મેલો છે. ભણેલો ન હોવા છતાં કેવટના જેમ ગણેલો છે. એની ગુરુમહારાજ પ્રત્યેનો ભાવ હૃદયનો છે ને નિષ્ઠા ગજબની છે

**જ્યારે મન પ્રસન્ન થાય ત્યારે બુદ્ધિ સ્થિર થાય.**

એટલે એણે માગવું પડ્યું નથી પરંતુ નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજે સામેથી કહ્યું કે મારી પાદુકા પકડ. આમ ગુરુમહારાજ સામે ચાલીને પાદુકા પકડવાનું કહે અને શ્રીશૈલ પર્વતની યાત્રાએ લઇ જાય તેમાં જ ભક્તના જીવનની સાફલ્યતા છે. પરંતુ તંતુકનું વર્તન જ એવું હતું, જીવન જ એ પ્રકારનું હતું કે ગુરુએ કહેવું પડ્યું.

આપણે તો સારી જ્ઞાતિમાં જન્મેલા છીએ, શિક્ષિત છીએ અને તંતુક કરતાં સારી આર્થિક સ્થિતિ ધરાવીએ છીએ એટલે આપણે તો ગુરુમહારાજને વધુ સરળતાથી રીઝવી શકીએ.

ગુરુમહારાજ કેવી રીતે રીઝે? ગુરુમહારાજને ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું. ગુરુમહારાજના સિદ્ધાંતોનું પાલન કરવાથી એ પ્રસન્ન થાય છે. કહેવાય છે કે સંતોને એના પ્રાણ કરતાં પણ એના સિદ્ધાંતો વધુ વહાલા હોય છે.

- સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક.

દત્તબાવનીના પાઠો કરવાથી વ્યક્તિ શોકરહિત થવો જોઇએ, મોહરહિત થવો જોઇએ. બાપજી પોતે અવધૂત હતાં અને આપણે પણ અવધૂત થઇએ એવું ઇચ્છતાં હતાં.

પૂ.શ્રીએ ભજનમાં ગાયું છે કેઃ

બન જા અવધૂતા, અવધૂતા
શોક મોહ અતીતા રે. ...બનજા.

શોક હંમેશા ભૂતકાળનો વિષય છે. જે થઇ ગયું એને ભૂલી જવાને બદલે સંસારી એને યાદ કરીને શોક કરતો હોય છે. શોક અને મોહ આપણા આત્માના આનંદ સ્વરૂપને ઢાંકે છે. બાપજીએ ગાયું છે કેઃ

શોક મોહ સંતાઇ જાતાં આનંદ અર્ણવ રેલે રે,
આપમહીં સમરસ થઇ સાધુ આપ વિષે નિત ખેલે રે.
...નામસુધારસ.

દત્તબાવનીના ગાન દ્વારા શોકને દૂર રાખવાનો છે. શોક કરવો જ હોય તો પ્રભુના દર્શન થયા નથી એનો શોક કરવો જોઇએ.

- યથાવકાશે નિત્ય નિયમ તેને કદી ન દંડે યમ.

દરેક વ્યક્તિને, અરે જીવમાત્રને જીવવું છે. કોઇને મરવું નથી પણ મર્યા વગર કોઇ રહેવાનું નથી. બધા યમથી અને યમના દંડથી ગભરાય છે. પરંતુ જે હંમેશાં ભગવાનનું સ્મરણ કરે છે તેને મૃત્યુની બીક લાગતી નથી. જયારે પણ સમય મળે ત્યારે તેમજ હંમેશાં

નિયમપૂર્વક દત્તબાવની કરનારનો આત્મવિશ્વાસ મજબૂત બને છે. એ ખોટું કરતો નથી- એટલે એને કશાનો ડર લાગતો નથી. સારું જીવન જીવનાર મૃત્યુનો સહજ સ્વીકાર કરતો હોય છે. દત્તબાવનીના પાઠ દ્વારા વ્યક્તિ તૃષ્ણારહિત બનવાનો પ્રયત્ન કરે છે. નામસ્મરણ દ્વારા મન મજબૂત બને છે, પ્રભુમય બને છે. મોહ અને મોક્ષને સમજાવતાં કહેવાયું છે કે:

ઈચ્છા રહી જાય અને શ્વાસ ખૂટી જાય તે મોહ અને
ઈચ્છા ખૂટી જાય અને શ્વાસ રહી જાય તે મોક્ષ.
"વિષય વિષમજવર અતિ ઘબડાવે
તૃષ્ણાપ્યાસ બઢાવે."

એમાંથી આપણે બહાર નીકળી જઈએ તો દત્તબાવનીના કરેલા પાઠો સાર્થક થયા ગણાય.

• અનેકરૂપે એ જ અભંગ, ભજતાં નડે ન માયા રંગ
સહસ્રનામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક.

નામ હજારો, નામી એક!
રૂપ કરોડો રૂપી એક!
સઘળે એહજ રંગ નિહાળ,
બીજો ઝઘડો વ્યર્થ અસાર,
અંધાને રવિનો શો ખ્યાલ? ...જપી લે હરિનું.

**કદરૂપા મન કરતાં કદરૂપો ચહેરો સારો.**

પરબ્રહ્મનું મૂર્ત સ્વરૂપ એવા દત્તપ્રભુ પોતે જ અનેક રૂપો ધરે છે, અનેક નામો ધરે છે અને છતાં એમના સ્વરૂપમાં તો કોઈ ફેર પડતો જ નથી. દત્તપ્રભુ નામ અને રૂપથી પર છે, અસંગ છે, એવું તત્ત્વતઃ જાણીને દત્તબાવનીના પાઠ કરવાના છે જેથી માયાનો રંગ અડે નહિ અને નડે પણ નહિ.

• અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર સૂણી હસે તે ખાશે માર.

આ સ્તોત્ર ભગવાને લખાવ્યું છે અને પોતાના અનુભવનો પરિપાક છે. પેટ ભરીને જમનારને ઓડકાર આવે છે, એણે લાવવાનો હોતો નથી. આ સ્તોત્રને હસી નાંખશે, તે 'માર' ખાશે એટલે આ સ્તોત્રનો લાભ નહિ લઈ શકે અને એની આત્મોન્નતિ નહિ કરી શકે.

'માર'નો બીજો અર્થ કામદેવ પણ થાય છે. જે આ સ્તોત્રને સાંભળીને એની હાંસી ઊડાડશે એમ કામદેવનો માર ખાશે, સંસારમાંથી મુક્ત નહિ થાય.

• તપસી તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રીગુરુદેવ.

તત્ત્વમસિ એટલે તે (તત્) તું (ત્વમ્) છે (અસિ). તે એટલે પરબ્રહ્મ અને તું એટલે જીવ. હે જીવ! તું પરબ્રહ્મ

**મન મહાન જાદુગર છે અને ચિત્રકાર પણ છે.**

જ છે એવો ઉપદેશ છે. તત્ત્વમસિ એ મહાવાક્ય છે. એ સામવેદનું મહાવાક્ય છે. મહાવાક્યમાં જીવ અને બ્રહ્મનું ઐક્ય નિરૂપવામાં આવે છે. જીવે બ્રહ્મ થવાનુ નથી પણ પોતે બ્રહ્મ જ છે એ વાતનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે.

તત્ત્વમસિ એ બોધવાક્ય છે જ્યારે અહં બ્રહ્માસ્મિ, પ્રજ્ઞાનં બ્રહ્મ કે અયમાત્મા બ્રહ્મ એ અનુભવ વાક્ય છે. બોધવાક્ય એટલે જેણે અનુભવ કર્યો છે એ ગુરુ, જેણે અનુભવ કરવાનો બાકી છે એવા શિષ્યને ઉપદેશ આપીને આવો અનુભવ કરવાની દિશામાં ગતિ કરાવે છે.

દત્તબાવનીની સાર્થકતા આ મહાવાક્ય અનુભવાય એમાં છે. આપણે આવા ઊંચા ધ્યેય સાથે, સદાચારી જીવન જીવતાં જીવતાં પૂ.બાપજીના સિદ્ધાંતો પ્રમાણે જીવીને દત્તબાવનીના પાઠો કરીશું તો જીવન સફળ થશે, જન્મમરણનો ફેરો ટળશે અને આપણે મહાન સંકટમાંથી મુક્ત થઈશું. આવું થશે તો દત્તબાવનીનો સંકટ વિમોચન સ્તોત્ર તરીકેનો ઉલ્લેખ સાચો પડશે.

**અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત.**

◈

# શુદ્ધ ઉચ્ચારથી દત્તબાવની બોલવા વિશે

રંગ પરિવારમાં એટમબોંબ મનાતી દત્તબાવની આપણે રોજ બોલીએ છીએ. આ દત્તબાવની ભૂલ વગર બોલીને પૂ.શ્રીને રાજી કરવા માટે કેટલીક વાત ધ્યાનમાં રાખીએ.

• દત્તબાવનીનો પહેલો શબ્દ 'જય' છે. ઝડપથી બોલવામાં એનો ઉચ્ચાર "જૈ" ન થાય તેની કાળજી રાખીશું.

• બીજો શબ્દ યોગીશ્વર છે. ભૂલમાં 'યોગેશ્વર' ન બોલાય તે માટે સજાગ બનીશું. પૂ.શ્રીએ જે લખ્યું છે તે બોલવાનું છે.

• 'અત્ર્યનસૂયા' શબ્દનો ઉચ્ચાર અત્રિ અનસૂયા કે અત્ર્ય અનસૂયા નહિ કરીએ.

સાવધાનીપૂર્વકનો અભ્યાસ કરવાથી સાચો ઉચ્ચાર થઇ શકશે.

• 'શરણાગત' શબ્દમાં ક્યાંય અનુસ્વાર નથી એટલે એનો ઉચ્ચાર 'શરણાંગત' નહિ કરીએ.

• અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ. આ લીટીમાં સત્ ચિત્‌માં અડધો 'ત્'

**મનનો મેલ ધોવાય ત્યારે ઈશ્વર દર્શન થાય.**

અને સદ્‌ગુરુમાં ખોડો 'દ્' છે એટલે પૂરો 'ત' કે 'દ' હોય (સત, ચિત, સદગુરુ) એવો ઉચ્ચાર નહિ કરીએ.

• 'સુમુખ' છે એટલે 'સમુખ' નહિ બોલીએ.

• 'ઝોળીઅન્નપૂર્ણા' માં 'ન' ને 'ન' જોડેલો છે, એક 'ન' નથી. એટલે ઉચ્ચાર કરતી વખતે અન્નપૂર્ણા ઉચ્ચાર કરીશું.

• ષડ્‌ભુજસારમાં 'ડ' આખો નથી પણ ખોડો છે એટલે એ રીતે બોલીશું.

• 'દીધી ઋદ્ધિ, સિદ્ધિ અપાર' માં દીધીમાં 'ધ' જ છે જ્યારે ઋદ્ધિ માં અને સિદ્ધિમાં 'ધ ને ધ' જોડેલો છે. દીધીમાં બંને 'ઈ' દીર્ઘ છે એટલે દીધીને લંબાવી રિદ્ધિ સિદ્ધિમાં જ 'ધ ને ધ' જોડ્યો છે તેવો ઉચ્ચાર કરીશું.

• ઈંદ્રકરે 'હણાવ્યો' છે. એ 'હરણાવ્યો' નથી. એમાં 'ર' નથી.

• શર્વ અને પછી સર્વ- 'શ' અને 'સ' નો ઉચ્ચાર યોગ્ય રીતે કરીએ. બંનેના અર્થ પણ ભિન્ન છે. (એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ?)

• 'દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત' નો અર્થ છે:

'હે અનંત! દોડ. અંત ના દેખ.' આ અર્થ માટે પૂ.શ્રીએ દોડ પછી અલ્પવિરામ (,) મૂક્યું છે અને એ રીતે કાવ્યાત્મક રચના કરી છે. દોડ પછી અલ્પવિરામ છે એટલે સહેજ અટક્યા છે એવું લાગે તો સારું ગણાય.

• 'સ્મર્તૃગામી' નો ઉચ્ચાર કરતી વખતે 'સ્મ' પછી ખોડો 'ર' બોલાય એ જરૂરી છે અને પછી 'તૃ' બોલાવવો જોઈએ. (સ્મર્તૃગામી = સ્મર્ તૃગામી)

• કરે કેમ ના મારી વ્હાર, જો આણીગમ એક જ વાર. એકમાં મદદનો અર્થ સૂચવતો શબ્દ 'વ્હાર' છે અને બીજામાં 'વાર' છે. પહેલા શબ્દમાં ભાર મૂકવો જોઈએ. બીજામાં ભાર મૂકવાનો નથી.

• 'શુષ્ક કાષ્ઠ'માં 'ઠ' છે 'ટ' નથી એટલે 'ઠ' બોલાવવો જોઈએ.

• કર્યાં સફળ તે સુતનાં કૃત્સ્ન. આ 'કૃત્સ્ન' શબ્દનો 'કૃષ્ણ' જેવો ઉચ્ચાર ન થવો જોઈએ. આ શબ્દથી આપણે ઓછા પરિચિત છીએ. સાવધાનીપૂર્વક બોલવાનો પ્રયત્ન કરતાં ફાવી જશે.

• કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ.

બ્રાહ્મણનો 'કોઢ'નો રોગ દૂર કર્યો અને તે દ્વારા એના મનની ઈચ્છા- મનના 'કોડ' પૂરા કર્યા. 'કોઢ' શબ્દ સાથે

**પહેલાં રોગ મનમાં પ્રવેશે છે, પછી તનમાં.**

'બ્રાહ્મણનો' શબ્દ છે બ્રાહ્મણના શબ્દ નથી જ્યારે 'કોડ' પહેલાં 'એના' શબ્દ છે.

• હર્યું દારિદ્ર્ય તેં તતખેવ. આ લીટીમાં 'દરિદ્ર' શબ્દ નથી પણ 'દારિદ્ર્ય' છે. વળી, આ લીટીમાં 'તેં 'તતખેવ છે 'ત્યાં' તતખેવ નથી.

• દીધો સુવર્ણઘટ સપ્રેમ- અહીં 'દીધો'માં 'દી' (દીર્ઘ ઈ) છે તેથી દીર્ઘ ઉચ્ચાર કરવો. એનો 'દિ' (હ્રસ્વ ઈ) જેવો ઉચ્ચાર કરવાથી બીજે ખોટો ભાર આપવો પડશે.

• 'હરી વિપ્રમદ'માં 'હરી' શબ્દ છે, 'હરિ' શબ્દ નથી. વિપ્રનો મદ હરી લીધો એવો અર્થ છે. 'હરિ'નો અર્થ વિષ્ણુ છે. 'હરી'નો અર્થ હરણ કરવું, લઇ લેવું એવો છે.

• એકીસાથે આઠ સ્વરૂપ. અહીં આઠ છે. 'આંઠ' નથી એટલે અનુસ્વારનો ઉચ્ચાર કરીશું નહિ.

• અધમ ઓધારણ તારું નામ- અહીં અધમ અને ઓધારણ જુદાં છે એટલે બંને ઉચ્ચાર થવા જોઇએ. અધમોદ્ધારણ જેવો ઉચ્ચાર નથી કરવાનો.

• આધિવ્યાધિ... અહીં પહેલાં 'સર્વ' અને પછી 'શર્વ' છે.

**મનને સારા વિચારોથી ભરી દો.**

• નાસે મૂઠી દઈને તૂર્ત. 'મૂઠી' છે 'મૂઠ્ઠી' નથી. 'મૂ' (દીર્ઘ ઊ) છે તેથી દીર્ઘ ઉચ્ચાર કરવો જોઈશે. 'ઠ ને ઠ' જોડવાનો નથી.

• સહસ્ર નામે નામી એક. સહસ્રમાં સ+હ+સ્+ર છે એ સ+હ+સ્+ત્ર નથી. સહસ્ર છે સહસ્ત્ર નથી.

• ઉદ્ગાર - આ ઉદ્ગાર છે એટલે 'દ' ખોડો છે. 'દ' ને 'ગ' સાથે જોડેલો છે. ઉદ્ગારનો ઉચ્ચાર 'ઉદગાર' નથી કરવાનો.

◈

# સંકટવિમોચન સ્તોત્ર

સંકટવિમોચન આ સ્તોત્ર દત્તબાવની,
રચનાર રંગગુરુને ખમ્મા ઘણી ઘણી. ...ટેક.
સ્તોત્ર તણા ઉત્સવની કરીએ ઉજવણી. ...રચનાર.

હતો સઈજ ગામે મુકામ શ્રીઅવધૂતનો,
ભક્ત-પત્ની ત્રાસ વેંઠે પિશાચ ભૂતનો,
સ્તોત્ર લખી આપો એવી ભક્તે કરી માગણી. ...રચનાર.

આવ્યું સ્મરણમાં ત્યાં હનુમાન ચાલીસા,
સ્તોત્ર દત્તચાલીસા રચવાની મનીષા,
રચવું'તું ચાલીસા ને રચાઇ આ બાવની. ...રચનાર.

ગુરુચરિત્રતણા બાવન અધ્યાય છે,
બાવન અઠવાડિયાનું વર્ષ એક થાય છે,
આદિ-અંત સંકીર્તન પાઠ ફળદાયિનિ. ...રચનાર.

ભાવ અને ભક્તિથી બાવની ગવાય જ્યાં,
આધિ વળી વ્યાધિ ને ઉપાધિ ટળી જાય ત્યાં,
**પાપીગણુ** બાવની તો પતિતજન પાવની. ...રચનાર.

◈

(અનુસંધાન પેજ ૪)

**(૪) તેજસ્વી નાવધિતમસ્તુ (નૌ અધિતમસ્તુ) :-**

આપણા ઉભય(બંને)નું ભણતર તેજસ્વી હો.

આમાંથી એક-બીજામાં પરસ્પર દેવત્વની ભાવના પ્રગટે, એક-બીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે, અને તો જ મનુષ્યમાં સાચી માનવતા જાગે. મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થનાં પગલાં માંડે **સ્વ** ભૂલી **સર્વ**માં સમાઈ જાય અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઈ જાય.

**(૫) મા વિદ્વિષાવહૈ :-**

આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ.

'હું' માં 'તું' અને 'તું' માં 'હું' નિહાળી સર્વત્ર હું-તું, મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમતત્ત્વનાં દર્શન કરી, બધે એક અભંગ, આધ્યાત્મિક એકતા અનુભવી જગતમાંથી વેરઝેર, દુઃખ દારિદ્રય, યુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખ, શાંતિ ને આનંદે આનંદના મંડાણ કરીએ.

રંગ અવધૂત

(અમર આદેશમાંથી)

[ નૌ એ अस्मद् 'હું' સર્વનામનું બીજી વિભક્તિ દ્વિવચનનું आवाम्નું ટૂંકુ રૂપ છે.)

| | | |
|---|---|---|
| अहम् | आवाम् | वयम् । |
| माम्-मा | आवाम्-नौ | अस्मान्-नः । ]|

# વૈદિક પંચશીલ

ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વી નાવધિતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ ! શાંતિઃ !! શાંતિઃ !!!

(૧) સહ નાવવતુ (સહ નૌ અવતુ) :-

એ પરમ પિતા પરમેશ્વર આપણા(ગુરુ અને શિષ્ય)-ઉભયનું રક્ષણ કરે.

એક સંરક્ષિત અને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય.

(૨) સહ નૌ ભુનક્તુ :-

આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ.

એક સુખ સગવડોમાં આળોટે અને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુઃખમાં પાસાં ઘસ્યાં કરે ને માંડ કોદરોયે ન પામે તો એક અપચન અને બીજો બુભુક્ષા (ભૂખ)નો ભક્ષ્ય બની બન્નેય વિનાશને પંથે પરવરે.

(૩) સહ વીર્યમ્ કરવાવહૈ :-

આપણે બંને શક્તિમાન બનીએ, બન્ને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ.

એક સબળો ને બીજો નબળો હોય તો સમાજમાં હંમેશા શીતયુદ્ધ (Cold War)કે ઉષ્ણયુદ્ધ (Hot War)નું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત-પ્રગટ જ્વાલામાં વિશ્વસમસ્ત શેકાઈ જાય.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩)